સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

## CURRENT AFFAIRS

**WEEK 40** (02/10/22 to 08/10/22)


સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)













JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline


**02 OCT-2022**

- દિવસ મહિમા : 2 ઓક્ટોબર, મહાત્મા ગાંધી જન્મદિન (વિશ્વ અહિંસા દિન),શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જન્મદિન ........ 02
- મહાત્મા ગાંધીજી વિશે પરીક્ષાલક્ષી મહત્ત્વની કેટલીક માહિતીઈ ........ 04
- વંદે ભારત એક્સપ્રેસ 2.0 ........ 11
- PFI પર પ્રતિબંધ ........ 13
- QUESTION ANSWERS ........ 15

**03 OCT-2022**

- દિવસ મહિમા : ઓક્ટોબર માસનો પ્રથમ સોમવાર, વિશ્વ આવાસ દિવસ (World Habitat Day) ........ 16
- ભારતના નવા એટર્ની જનરલ : શ્રી આર. વેંકટરામણી ........ 16
- IMEI નંબર ICDR પોર્ટલ પર રજિસ્ટર કરવો ફરજિયાત ........ 19
- QUESTION ANSWERS ........ 21

**04 OCT-2022**

- દિવસ મહિમા : 04 ઓક્ટોબર, વિશ્વ પ્રાણી દિવસ (World Animal Day) ........ 22
- સપ્ત કોસી હાઇ ડેમ પ્રોજેક્ટ ........ 22
- તમામ મહિલાઓને ગર્ભપાતનો અધિકાર : સુપ્રીમ કોર્ટ ........ 24
- ટેલિકોમ ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ યોજના ........ 26
- QUESTION ANSWERS ........ 28

**05 OCT-2022**

- દિવસ મહિમા : 05 ઓક્ટોબર, વિશ્વ શિક્ષક દિવસલ રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ ........ 29
- સ્વચ્છ સર્વેક્ષણ 2022 રેન્કિંગ ........ 30
- QUESTION ANSWERS ........ 36

**06 OCT-2022**

- વાયુસેનામાં સ્વદેશી લડાયક હેલિકોપ્ટર 'પ્રચંડ' નો સમાવેશ ........ 38
- મતદાર જંક્શન (Matdata Junction) ........ 39
- સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2022 એવોર્ડ ........ 41
- QUESTION ANSWERS ........ 42

**07 OCT-2022**

- દિવસ મહિમા : 07 ઓક્ટોબર, વિશ્વ કપાસ દિવસ (World Cotton Day) ........ 43
- SASTRA Ramanujan Prize 2022 ........ 43
- OPEC + દ્વારા તેલના ઉત્પાદનમાં ઘટાડો ........ 44
- વિશ્વ અંતરિક્ષ સપ્તાહ 2022 (World Space Week - 2022) ........ 46
- QUESTION ANSWERS ........ 48

**08 OCT-2022**

- દિવસ મહિમા : 08 ઓક્ટોબર, ભારતીય વાયુ સેના દિન ........ 49
- કોમેડિયન શ્રી રાજુ શ્રીવાસ્તવનું નિધન ........ 49
- પલ્લીનો મેળો (ગાંધીનગર) ........ 50
- ભારતમાં કાર્ડ ટોકનાઈઝેશન ........ 50
- QUESTION ANSWERS ........ 53

**ONE LINER** ........ 54

**QUESTION OF THIS WEEK** ........ 60



ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

# દિવસ મહિમા : 2 ઓક્ટોબર, (1) મહાત્મા ગાંધી જન્મદિન (વિશ્વ અહિંસા દિન)
# (2) શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જન્મદિન

## શ્રી લાલ બહાદુર શાસ્ત્રી



**શ્રી લાલ બહાદુર શાસ્ત્રી** ભારતના **બીજા વડાપ્રધાન** હતા. ભારતના બીજા વડાપ્રધાન તરીકે તેમણે **9 જૂન 1964**થી **11 જાન્યુઆરી, 1966** દરમિયાન સેવા આપી હતી.

- તેમનો જન્મ **2 ઓક્ટોબર, 1904**ના રોજ **ઉત્તરપ્રદેશ**ના **મુગલસરાય**માં થયો હતો.
- **'જય જવાન, જય કિસાન'**નો નારો આપનાર શ્રી લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે ઉત્તરપ્રદેશના પરિવહન મંત્રી હતા ત્યારે તેમણે **બસ-કંડક્ટર**ના પદ પર **ભારતમાં પ્રથમવાર મહિલા**ને નિયુક્ત કરીને નવો ચીલો ચાતર્યો હતો.
- ત્યારબાદ ગૃહવિભાગના મંત્રી તરીકે તેમણે **લાઠીચાર્જ**ની જગ્યાએ (ફૂલ પ્રેશરથી) **પાણી છાંટવા**નો પ્રયોગ કરી તેનો પ્રારંભ કરાવ્યો હતો.
- તેઓ જ્યારે ભારતના વડાપ્રધાન હતા ત્યારે **1965**માં **ભારત-પાકિસ્તાન યુદ્ધ** થયું હતું. જેમાં પાકિસ્તાનની શરમજનક હાર થઈ હતી.
- આ યુદ્ધ સમાપ્ત થયા બાદ **11 જાન્યુઆરી, 1966**ના રોજ **ઉઝબેકિસ્તાન**ની રાજધાની **તાશ્કંદ** ખાતે ભારતના વડાપ્રધાન **શ્રી લાલ બહાદુર શાસ્ત્રી** અને પાકિસ્તાનના રાષ્ટ્રપતિ **શ્રી અયૂબ ખાન** વચ્ચે એક કરાર પર હસ્તાક્ષર થયા.
- આ કરાર **'તાશ્કંદ કરાર'** તરીકે ઓળખાય છે.
- જે દિવસે 'તાશ્કંદ કરાર' થયા એ જ દિવસે એટલે કે **11 જાન્યુઆરી, 1966**ની રાત્રે **તાશ્કંદ** ખાતે જ શ્રી લાલબહાદુર શાસ્ત્રીનું રહસ્યમય સંજોગોમાં નિધન થયું હતું.
- જોકે, તેમનું મૃત્યુનું સત્તાવાર કારણ **હાર્ટએટેક** ગણાવવામાં આવ્યું છે.
- નવી દિલ્હી ખાતે આવેલું તેમનું સમાધિ સ્થળ **'વિજયઘાટ'** તરીકે ઓળખાય છે.
- વર્ષ **1966**માં તેમને સૌપ્રથમ વખત મરણોપરાંત ભારતના સર્વોચ્ચ સન્માન **'ભારત રત્ન'**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ અહિંસા દિન



મહાત્મા ગાંધીજીનો જન્મદિવસ 2 ઓક્ટોબર દર વર્ષે સમગ્ર વિશ્વમાં 'વિશ્વ અહિંસા દિન' તરીકે ઉજવાય છે.

- આ માટે 15 જૂન, 2007ના રોજ સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં મતદાન થયું હતું.
- જેમાં મહાસભાના તમામ સભ્યોએ 2 ઓક્ટોબરના રોજ 'વિશ્વ અહિંસા દિવસ'ની ઉજવણી કરવા માટે સહમતિ આપી હતી.
- ત્યારબાદ 2 ઓક્ટોબર, 2007થી સમગ્ર વિશ્વમાં દરવર્ષે આ દિવસે 'વિશ્વ અહિંસા દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- સૌપ્રથમ જાન્યુઆરી 2004માં ઈરાનના નોબેલ પુરસ્કાર વિજેતા શ્રીમતી શિરિન ઈબાદીએ 'વિશ્વ અહિંસા દિવસ'ની ઉજવણીનો વિચાર રજૂ કર્યો હતો.

**નોંધઃ** (1) ભારતમાં નવી દિલ્હી ખાતે આવેલી મહાત્મા ગાંધીજીની સમાધિને 'રાજઘાટ' નામ આપવામાં આવ્યું છે.

(2) મહાત્મા ગાંધીજીના સમાધિ સ્થળ 'રાજઘાટ' ઉપરાંત ગુજરાતમાં કચ્છ જિલ્લાના ગાંધીધામ- આદિપુર ખાતે પણ ગાંધીજીની એક સમાધિ આવેલી છે.

(3) ગાંધીધામ–આદિપુર ખાતે આવેલી આ ગાંધી સમાધિમાં મહાત્મા ગાંધીજીના અસ્થિફૂલ સચવાયેલા હોવાથી આ ગાંધી સમાધિનું પણ વિશેષ મહત્ત્વ છે.

(4) ગુજરાતમાં કચ્છ જિલ્લાના માંડવી તાલુકાના કોટડી (અથવા તો મહાદેવપુરી) ગામમાં 1948માં ગાંધીજીના નિધન બાદ ભારતના પ્રથમ ગાંધી મંદિરનું નિર્માણ થયું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# મહાત્મા ગાંધીજી વિશે પરીક્ષાલક્ષી મહત્ત્વની કેટલીક માહિતી

## ગાંધીજીના દાદા અને પિતાશ્રી

મહાત્મા ગાંધીજીનું પૂરું નામ શ્રી મોહનદાસ કરમચંદ ગાંધી હતું. તેમના દાદાનું નામ શ્રી ઉત્તમચંદ ગાંધી હતું. તેમના દાદા શ્રી ઓતા ગાંધી તરીકે પણ ઓળખાય છે.

- શ્રી ઓતા ગાંધીને છ દીકરા હતા. તેમાં શ્રી કરમચંદ ગાંધી તેમના પાંચમા દીકરા હતા. તેમના છઠ્ઠા દીકરાનું નામ તુલસીદાસ હતું.
- ગાંધીજીના પિતા શ્રી કરમચંદ ગાંધી શ્રી કબા ગાંધી તરીકે પણ ઓળખાય છે.
- શ્રી કબા ગાંધી સૌપ્રથમ પોરબંદર અને ત્યારબાદ રાજકોટ અને વાંકાનેરના દીવાન હતા.
- મરણ સમયે તેઓ રાજકોટ દરબારના પેન્શનર હતા.
- ગાંધીજીના પિતાશ્રીના એક પછી એક એમ ચાર ઘર (લગ્ન) થયા હતા. જેમાં તેમને ત્રણ દીકરા અને ત્રણ દીકરીઓ હતી. તેમાં મહાત્મા ગાંધીજી સૌથી નાના હતા.

## ગાંધીજીનો જન્મ

મહાત્મા ગાંધીજીનો જન્મ શ્રી કરમચંદ ગાંધીજીના ચોથા અને છેલ્લા પત્ની શ્રીમતી પૂતળીબાઈની કૂખે 2 ઓક્ટોબર, 1869 અથવા તો ભાદરવા વદ 12ને સંવત 1925ના રોજ, પોરબંદર અથવા તો સુદામાપુરીમાં થયો હતો.

- શ્રીમતી પૂતળીબાઈને એક દીકરી અને ત્રણ દીકરા હતા.
- મહાત્મા ગાંધીજીનો જન્મ દિન 2 ઓક્ટોબર 'વિશ્વ અહિંસા દિન' તરીકે ઉજવાય છે.
- ગાંધીજીનો જન્મ બારસને દિવસે થયો હોવાથી તેમનો જન્મ દિન 'રેંટિયા બારસ' તરીકે પણ ઉજવાય છે.
- મહાત્મા ગાંધીજીનો જન્મ 'ગુજરાત હિંદુ મોઢ (વૈષ્ણવ) વણિક' પરિવારમાં થયો હતો.
- તેમના વડવાઓ વ્યવસાયે ગાંધિયાણા (કરિયાણા)નો ધંધો કરતા હતા. પરંતુ તેમની પહેલાની ત્રણ પેઢીએ ગાંધીનો વ્યવસાય કર્યો ન હતો.

## મહાત્મા ગાંધીજીનું બાળપણ-અભ્યાસ

મહાત્મા ગાંધીજીનું 6 વર્ષ સુધીનું બાળપણ પોરબંદરમાં જ વીત્યું હતું.

- ત્યાં તેમણે કોઈ સ્કૂલમાં અભ્યાસ પણ કર્યો હતો. અને તેમાં તેઓ થોડા પાડા શીખેલા.
- તેમના પિતાશ્રી પોરબંદરથી રાજકોટ રાજસ્થાનિક કોર્ટના સભ્ય તરીકે રાજકોટ ટ્રાન્સફર થયા ત્યારે ગાંધીજીની ઉંમર સાત વર્ષની હતી.
- મહાત્મા ગાંધીજીએ રાજકોટમાં સૌપ્રથમ રાજકોટની ગામઠી નિશાળ શાળા નં. 5 (પ્રતાપ કુંવરબા શાળા)માં બાલમંદિરથી ત્રીજા ધોરણ સુધીનો અભ્યાસ કર્યો હતો. ગાંધીજી ધોરણ 3માં નાપાસ થયા હતા.
- ત્યારબાદ તેમણે રાજકોટની પરા નિશાળ શાળા નં. 1 (કિશોરસિંહજી શાળા)માં એક વર્ષ અભ્યાસ કર્યો હતો.
- ત્યારબાદ તેમણે રાજકોટની શ્રી આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં હાઈસ્કૂલનું શિક્ષણ મેળવ્યું હતું.
- મહાત્મા ગાંધીજી જ્યારે હાઈસ્કૂલના પ્રથમ વર્ષમાં (એટલે કે ચોથા ધોરણમાં) હતા ત્યારે કેળવણીખાતાના ઇન્સ્પેક્ટર જાઈલ્સ તેમની શાળાની તપાસ માટે આવ્યા હતા.

- **ઈન્સ્પેક્ટર જાઈલ્સે** છોકરાઓને **પાંચ શબ્દ** લખવા માટે આપ્યા હતા. આ પાંચ શબ્દોમાંથી ગાંધીજીએ **'Kettle' (કેટલ)** શબ્દની જોડણી **ખોટી** લખી હતી.
- આથી તેમની સ્કૂલના માસ્તરે તેમને બૂટની અણી મારીને બીજા વિદ્યાર્થીમાંથી ભૂલ સુધારવા ચેતવ્યા હતા.
- પણ ચેતે તો એ ગાંધીજી શાના ? બીજા છોકરાઓમાંથી ચોરી કરતાં તેમને કદી આવડયું જ ન હતું.
- આથી, ગાંધીજી સિવાયના બધા છોકરાના પાંચેય શબ્દ સાચા પડયા હતા. માત્ર ગાંધીજીની જ **'Kettle'** શબ્દની જોડણી ખોટી પડી હતી.
- ગાંધીજી અભ્યાસ કરતા હતા ત્યારે હાઈસ્કૂલનું શિક્ષણ **ધોરણ 4**થી શરૂ થતું હતું. આથી **ભૂમિતિ** અને **સંસ્કૃત** વિષયો **ચોથા ધોરણ**થી શરૂ થતા હતા.
- જોકે, ગાંધીજીને શરૂઆતમાં **ભૂમિતિ** ખૂબ જ અઘરું લાગતું હતું..... પરંતુ **યુક્લિડના તેરમા પ્રમેય** ઉપર આવ્યા પછી ગાંધીજીને ભૂમિતિ સહેલામાં સહેલો વિષય લાગવા માંડયો હતો.
- ગાંધીજીને **સંસ્કૃતનું** શિક્ષણ **શ્રી કૃષ્ણાશંકર** માસ્તરે આપ્યું હતું.
- જોકે શ્રી કૃષ્ણાશંકર માસ્તર ખૂબ જ કડક હોવાથી તથા **'ફારસી** સંસ્કૃત કરતા સહેલું છે અને ફારસી શીખવનાર **મોલવી** પણ બહુ નરમ છે' એવું સાંભળીને ગાંધીજી એક વખત **સંસ્કૃત** છોડીને **ફારસી**ના વર્ગમાં બેસી ગયા હતા.
- ગાંધીજીને હાઈસ્કૂલના શિક્ષણના **બીજા વર્ષ**માં એટલે કે **પાંચમા ધોરણ**માં **માસિક ચાર રૂપિયા** અને હાઈસ્કૂલના **ત્રીજા વર્ષ**માં એટલે કે **છઠ્ઠા ધોરણ**માં **માસિક દસ રૂપિયા** શિષ્યવૃત્તિ મળી હતી.
- ગાંધીજી અભ્યાસ કરતા હતા એ સમયે **સોરઠ પ્રાંતના વિદ્યાર્થીઓમાં પ્રથમ નંબરે આવનાર વિદ્યાર્થી**ને આ શિષ્યવૃત્તિ આપવામાં આવતી હતી.
- ગાંધીજીને હાઈસ્કૂલમાં એક દમ ખાસ કહી શકાય તેવા **મિત્રો** ફક્ત **બે** જ હતા.
- ગાંધીજીએ **મેટ્રિક્યુલેશન**ની પરીક્ષા **ઈ.સ. 1887**માં પાસ કરી હતી.
- ગાંધીજીએ કોલેજનો અભ્યાસ મુંબઈ કરતા ભાવનગરનો ખર્ચ ઓછો હોવાથી **ભાવનગર**ની **શામળદાસ કોલેજ**માં કર્યો હતો.

## બાળપણમાં ધાર્મિક સંસ્કાર

બાળપણમાં ગાંધીજીના મન પર તેમના **પિતાશ્રી**એ ખરીદેલા પુસ્તક **'શ્રવણપિતૃભક્તિ નાટક'** તથા કાચમાં ચિત્રો દેખાડનારા પાસેથી જોયેલ **પોતાના માતાપિતાને કાવડમાં બેસાડીને લઈ જતા 'શ્રવણ'**ના **ચિત્ર**ની ગાંધીજીના મન પર ખૂબ જ ઊંડી છાપ પડી હતી.

- ગાંધીજીને બાળપણમાં **વાજું** વગાડવાનો શોખ હતો અને તેમના **પિતાશ્રી**એ તેમને એક વાજું પણ અપાવ્યું હતું.
- શ્રવણના મૃત્યુ સમયે તેમના **માતાપિતાના વિલાપ અંગેના છંદ**ને ગાંધીજીએ **વાજામાં** પણ ઉતાર્યો હતો.
- આ સમયે ગાંધીજીને વારંવાર **શ્રવણ** જેવા બનવાની ઈચ્છા થતી હતી.
- આ ઉપરાંત એ સમયે ગાંધીજીએ **હરિશ્ચંદ્રનું નાટક** (અથવા તો **આખ્યાન**) પણ જોયું હતું.
- એ નાટક એમણે અનેક વખત એમના મનમાં ભજવ્યું છે. અને એ સમયે **"હરિશ્ચંદ્રના જેવા સત્યવાદી બધા કાં ન થાય ?... હરિશ્ચંદ્રની ઉપર પડેલી તેવી વિપત્તિઓ ભોગવી સત્યનું પાલન કરવું એ જ ખરું સત્ય."** એવા વિચારો એમના મનમાં રમતા હતા.
- **હરિશ્ચંદ્રનું** દુ:ખ જોઈ, તેમનું સ્મરણ કરી **ગાંધીજી** ખૂબ જ **રોયા** છે.
- આમ, **હરિશ્ચંદ્ર અને શ્રવણ**ની ગાંધીજીના મન પર ખૂબ જ ઊંડી અસર હતી.
- ગાંધીજી બાળપણમાં ભૂતપ્રેત આદિથી ખૂબ જ ડરતા હતા. આથી ગાંધીજી જેને **'દાઈ'** કહીને બોલાવતા હતા તે, તેમની **જૂની નોકર રંભા**એ ગાંધીજીને **'ભૂતપ્રેતનું ઔષધ રામનામ છે'** એવું સમજાવ્યું હતું.
- આથી ગાંધીજીએ બાળવયે જ **ભૂતપ્રેતાદિના ભયથી બચવા રામનામ**નો **જપ** શરૂ કર્યો હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- એ સમયે ગાંધીજીના એક કાકાના દીકરાએ ગાંધીજી તથા તેમના ભાઈને રામરક્ષાનો પાઠ શીખવ્યો હતો.
- આ સમયે ગાંધીજીના મન પર 'રામાયણની પારાયણે' પણ ખૂબ જ ઊંડી છાપ પાડી હતી.
- એ સમયે બીલેશ્વરના લાધા મહારાજ રામજી મંદિરમાં રોજ રાત્રે રામાયણનો પાઠ સંભળાવતા હતા. આથી આ રામાયણ સાંભળવા ગાંધીજી રોજ રાત્રે રામજી મંદિરે જતા હતા.
- ગાંધીજીને સર્વ સંપ્રદાયો વિશે સમાન ભાવ રાખવાની તાલીમ રાજકોટમાં મળી હતી.
- કારણ કે તેમના માતાપિતા હવેલી, શિવાલય અને રામમંદિરમાં પણ જતા હતા અને ગાંધીજી તથા તેમના ભાઈને સાથે લઈ જતા હતા.
- બાળપણમાં ગાંધીજીને તમામ ધર્મોમાંથી માત્ર ખ્રિસ્તી ધર્મ પ્રત્યે 'કંઈક અભાવ' હતો.
- ગાંધીજીએ તેમના પિતાશ્રીના પુસ્તકસંગ્રહમાંના 'મનુસ્મૃતિ'ના ભાષાંતરમાંથી જગતની ઉત્પત્તિ વગેરે વાતો વાંચી હતી.
- જોકે એ સમયે 'મનુસ્મૃતિ' વાંચીને ગાંધીજી અહિંસા શીખ્યા ન હતા, પરંતુ ઉલ્ટુ એનાથી 'માંસાહાર'ને ટેકો મળ્યો હતો.
- 'અપકારનો બદલો અપકાર નહીં પણ ઉપકાર જ હોઈ શકે' એ વસ્તુ ગાંધીજીની જિંદગીનું સૂત્ર બની ગયું હતું. તેનું કારણ ગાંધીજીના હૃદયમાં ચોંટેલો એક નીતિનો છપ્પો હતો. ગાંધીજીએ આ છપ્પાને 'ચમત્કારી' ગણાવ્યો છે. આ 'ચમત્કારી છપ્પો' કંઈક આ પ્રમાણે છે –

## ગાંધીજીના લગ્ન

- મહાત્મા ગાંધીજીના લગ્ન 13 વર્ષની ઉંમરે થયા હતા. ગાંધીજીની ત્રણ વખત સગાઈ થઈ હતી.
- જેમાં ગાંધીજીની ત્રીજી અને છેલ્લી સગાઈ સાત વર્ષની ઉંમરે થઈ હતી.
- ગાંધીજીના લગ્ન સમયે તેમના પિતાશ્રી રાજકોટ રાજ્યના દીવાન હતા. આથી તેમનો પરિવાર એ સમયે રાજકોટ સ્થાયી થયો હતો.
- જોકે, મહાત્મા ગાંધીજી તથા તેમના મોટાભાઈ અને તેમના કાકાના દીકરા એમ ત્રણેયના લગ્ન એકસાથે કરવાના હોવાથી તેમના લગ્નનું આયોજન પોરબંદર ખાતે થયું હતું.
- આથી, તેમના લગ્નપ્રસંગમાં હાજરી આપવા માટે તેમના પિતાશ્રી જ્યારે રાજકોટથી પોરબંદર આવી રહયા હતા ત્યારે તેમનો ટાંગો (ઘોડાગાડી) ઊંધો વળતા તેમના પિતાશ્રીને ખૂબ જ વાગ્યુ હતું.
- આમ છતાં, હાથે–પગે પાટા બાંધ્યા હોવા છતાં અને તેમના શરીરે પીડા થતી હોવા છતાં તેમના પિતાશ્રીએ ગાંધીજીના વિવાહમાં પૂરો ભાગ લીધો હતો.
- ગાંધીજીના પત્નીનું નામ કસ્તુરબા હતું અને તેઓ નિરક્ષર હતા.
- વિવાહ થયા ત્યારે ગાંધીજી હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા હતા.
- વિવાહને કારણે ગાંધીજી તથા તેમના ભાઈનું અભ્યાસનું એક વર્ષ નકામું ગયું હતું.
- ગાંધીજીના લગ્ન બાદ તેમના પત્નીને અવતરેલું પ્રથમ બાળક બે કે ચાર દિવસ બાદ અવસાન પામ્યું હતું. જેનું મુખ્ય કારણ બાળલગ્ન હતું.
- ગાંધીજીને બાળલગ્ન અંગે પહેલેથી જ ખૂબ જ શરમ હતી. અને પાછળથી તેઓ બાળલગ્નના વિરોધી પણ બની ગયા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ગાંધીજીની પિતૃભક્તિ

મહાત્મા ગાંધીજી બાળપણથી જ પિતૃભક્ત હતા. અને નિશાળ બંધ થાય એટલે તેઓ તરત જ ઘેર પહોંચીને પિતાજીની સેવામાં લાગી જતા હતા.

- પરંતુ ગાંધીજી જ્યારે સાતમા ધોરણમાં હતા ત્યારે તેમની શાળામાં શ્રી દોરાબજી એદલજી ગીમી હેડમાસ્તર હતા.
- અને તેમણે શાળાના ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ માટે કસરત, ક્રિકેટ, ફૂટબોલ ફરજિયાત કર્યા હતા.
- પરંતુ પિતાજીની સેવાને કારણે ગાંધીજી કસરતના સમયે સ્કૂલમાં હાજર રહી શકયા ન હતા. આથી ગીમી સાહેબે ગાંધીજીને એક કે બે આનાનો દંડ કર્યો હતો.
- જોકે પાછળથી મહાત્મા ગાંધીજીએ 'નિશાળના સમય પછી તેમના પિતાશ્રી તેમની હાજરી પોતાની સેવાને અર્થે ઈચ્છે છે એવો પિતાશ્રીનો કાગળ' હેડમાસ્તરને આપીને કસરતમાંથી મુક્તિ મેળવી હતી.
- ગાંધીજીના પિતાશ્રીને ભગંદરની બીમારી હતી. અને તેઓ તદ્દન ખાટલાવશ હતા.
- ત્યારે ગાંધીજીનું કામ 'નર્સ'નું હતું. એમનો ઘા ધોવો, તેમાં દવા નાખવી, મલમ લગાડવો, તેમને દવા આપવી અને જ્યારે ઘેર દવા તૈયાર કરવાની હોય ત્યારે તે તૈયાર કરવી એ એમનું ખાસ કામ હતું.
- રોજ રાત્રે તેમના પિતાશ્રીના પગ ચાંપવા અને એ રજા આપે ત્યારે અથવા તો ઊંઘી જાય ત્યારે ગાંધીજીએ સૂવા જવું એવો ગાંધીજીનો નિયમ હતો.

## ચોરી અને પ્રાયશ્ચિત

- બાળપણમાં ગાંધીજીને તેમના એક સગાની સાથે બીડી પીવાનો શોખ થઈ ગયો હતો.
- પણ તેમની પાસે બીડીના પૈસા ન હતા. આથી તેઓ તેમના કાકા બીડીનાં ઠૂંઠાં ફેંકી દે તે ચોરીને પીતા હતા.
- જોકે બીડીના ઠૂંઠાં હર વખતે મળતા ન હતા અને એમાંથી બહુ ધુમાડોય નીકળતો ન હોવાથી તેઓ કયારેક કયારેક તેમના ચાકરની ગાંઠે બેચાર દોકડા હોય તેમાંથી વચ્ચે વચ્ચે એકાદ દોકડો ચોરીને બીડી ખરીદતા હતા.
- જોકે તેઓ બીડીની આદતને કારણે આવેલી પરાધીનતાથી કંટાળી ગયા હતા અને તેમણે ધતૂરાના ડોડવાનાં બી ખાઈને આપઘાત કરવાનો નિશ્ચય કર્યો હતો. અને તેમણે ધતૂરાના બેચાર બી ખાધાં પણ ખરા, પરંતુ બીજાં ખાવાની હિંમત ન ચાલી અને આપઘાતનો વિચાર પડતો મૂકયો.
- પરંતુ આ આપઘાતના વિચારનું પરિણામ એ આવ્યું કે, ગાંધીજીની એઠી બીડી ચોરીને પીવાની તેમ જ નોકરના દોકડા ચોરવાની ને તેમાંથી બીડી લઈ ફૂંકવાની આદત છૂટી ગઈ. એ સમયે તેમની ઉંમર બારતેર વર્ષ કે તેથી ઓછી હતી.
- ત્યારબાદ ગાંધીજી જ્યારે પંદર વર્ષના હતા ત્યારે તેમના ભાઈને 'માંસાહાર'ને કારણે પચીસેક રૂપિયાનું કરજ થઈ ગયું હતું.
- તેમના ભાઈના હાથમાં સોનાનું નક્કર કડું હતું.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આથી, ભાઈનું કરજ ચૂકવવા માટે એ સોનાના કડામાંથી **સોનાનો કકડો** કાપીને કરજ ચૂકવવું એવો નિર્ણય **ગાંધીજી અને તેમના ભાઈએ** કર્યો હતો.
- અને કડું કપાયું, કરજ પણ ચૂકવાઈ ગયું. પરંતુ **'સોનાના કકડા'**ની આ **ચોરી** ગાંધીજી માટે **અસહ્ય બની ગઈ.** અને હવે પછી કયારેય ચોરી ન કરવાનો તેમણે નિર્ણય કર્યો.
- આ માટે પ્રાયશ્ચિત રૂપે પોતાની ભૂલ પિતાશ્રી પાસે કબૂલ કરવી અને શુદ્ધ થવું. એવો તેમણે નિર્ણય કર્યો. પણ ભૂલ કબૂલવી કઈ રીતે ?
- અંતે તેમણે પિતાશ્રીને ચિઠ્ઠી લખીને પોતાની ભૂલ કબૂલી.

## વિલાયત જવાની તૈયારી

મહાત્મા ગાંધીજીએ **મેટ્રિક**ની પરીક્ષા આપવા માટે **પરીક્ષા સ્થળ** તરીકે **અમદાવાદ**ની પસંદગી કરી હતી.

- અને એ માટે **રાજકોટથી અમદાવાદ પ્રથમ વખત** એકલા મુસાફરી કરી હતી.
- તેમણે **ઈ.સ. 1887માં મેટ્રિક્યુલેશન**ની પરીક્ષા પાસ કરી હતી.
- અને ત્યાર બાદ તેમણે **ભાવનગર**ની **શામળદાસ કોલેજ**માં એડમિશન લીધુ હતું.
- અને તેઓ શામળદાસ કોલેજમાંથી **પહેલી ટર્મ (પ્રથમ સત્ર)** પૂરું કરીને જયારે ઘરે પરત આવ્યા ત્યારે ગાંધીજીના કુટુંબના જૂના મિત્ર અને સલાહકાર **શ્રી માવજી દવે**એ ગાંધીજીને **વિલાયત** જઈને **બારિસ્ટર** બનવા સલાહ આપી.
- **શ્રી માવજી દવે**ને ગાંધીજી **'જોશીજી'** તરીકે સંબોધિત કરતા હતા અને તેમનો **કેવળરામ** નામનો એક દીકરો પણ વિલાયતમાં હતો.
- આથી, ગાંધીજી જો વિલાયત જશે તો **ત્રણ વર્ષ**માં ભણીને પાછા આવી જશે અને ખરચ (ખર્ચ) પણ **ચાર - પાંચ હજાર**થી વધારે નહિ થાય એવી તેમણે ભલામણ કરી.
- આથી, તેમના વડીલ ભાઈએ **પોરબંદર** જઈને **એડમિનિસ્ટ્રેટર લેલીસાહેબ** પાસે આ માટે મદદ માંગવાનું કહ્યું.
- ગાંધીજીના માતાએ પણ વિલાયત જવા માટે પોરબંદર જઈને સૌપ્રથમ તેમના **કાકાની સલાહ** લેવા કહ્યું.
- આથી ગાંધીજીએ પોરબંદર જવા માટે ધોરાજી સુધી ગાડું કર્યું અને **ધોરાજી**થી **પોરબંદર** એક દિવસ વહેલા પહોંચવા માટે ઊંટ કર્યું.
- **ઊંટની સવારી**નો ગાંધીજીનો આ **પ્રથમ અનુભવ** હતો.
- પોરબંદર જઈને તેમણે તેમના કાકાને બધી વાત કરી. તેમના **કાકાએ** 'જો તારા બા તને રજા આપે, તો મારી આશિષ તને છે જ' એવી શરતી મંજૂરી આપી.
- અને પોરબંદરમાં એડમિનિસ્ટ્રેટર **લેલીસાહેબે** 'તું બી.એ. થા, પછી મળજે. હમણાં કંઈ મદદ ન અપાય' એમ કહીને મદદ કરવાનો ઈનકાર કર્યો.
- ગાંધીજીએ ઘરે આવીને તેમના માતાને બધી વાત કરી.
- તેમના **માતા**એ **શ્રી બેચરજી સ્વામી**ને પૂછીને પછી જ પરવાનગી આપીશ એમ કહ્યું.
- **શ્રી બેચરજી સ્વામી**એ **ગાંધીજી** પાસેથી **ત્રણ** બાબતોની **પ્રતિજ્ઞા** લઈને પછી વિલાયત મોકલવા સૂચન કર્યું.
- આથી, **શ્રી બેચરજી સ્વામી**ના કહેવાથી ગાંધીજીએ **માંસ, મદિરા અને સ્ત્રીસંગ**થી દૂર રહેવાની **પ્રતિજ્ઞા** લીધી અને **માતા**એ વિલાયત જવાની આજ્ઞા આપી.
- મંજૂરી મળ્યા બાદ વિલાયત જવા માટે ગાંધીજી મુંબઈ આવ્યા. **મુંબઈ**ની આ તેમની **પ્રથમ** મુસાફરી હતી. આ સમયે તેમના **વડીલ ભાઇ** તેમને મૂકવા સાથે આવ્યા હતા. ત્યારબાદ દરિયામાં તોફાન હોવાથી ગાંધીજીને થોડો સમય મુંબઈ રોકાવું પડયું હતું.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નાત બહાર

- ગાંધીજીના વિલાયત જવા વિશે તેમની નાતમાં જાણ થઈ અને નાતમાં ખળભળાટ મચી ગયો.
- આ અગાઉ કોઈ મોઢ વાણિયો વિલાયત ગયો ન હતો. તેથી અને ધર્મમાં દરિયો ઓળંગવાની મનાઈ હોવાથી તેમજ વિલાયતમાં ધર્મ ન સચવાય એ કારણથી નાતે ગાંધીજીને વિલાયત જવાની પરવાનગી ન આપી.
- આમ છતાં, ગાંધીજી પોતાના નિશ્ચય પર દૃઢ રહ્યા તો તેમને નાત બહાર કરવામાં આવ્યા અને નાતના શેઠે હુકમ કર્યો કે, 'આ છોકરાને આજથી નાત બહાર ગણવામાં આવશે. જે કોઈ તેને મદદ કરશે અથવા વળાવવા જશે તેને નાત પૂછશે, ને તેનો **સવા રૂપિયો** દંડ થશે'.
- ત્યારબાદ **4થી સપ્ટેમ્બરે** ઊપડનારી સ્ટીમરમાં **જૂનાગઢના શ્રી ત્રંબકરાય મજમુદાર** નામના **એક વકીલ** બારિસ્ટર બનવા માટે વિલાયત જવાના છે એવા સમાચાર મળ્યા.
- આથી, ગાંધીજીએ તેમની સાથે વિલાયત જવું એવું નક્કી થયું.
- અને કુટુંબના **એક મિત્ર**ની મદદથી ભાડા વગેરેના પૈસા મેળવી **શ્રી ત્રંબકરાય મજમુદાર**ની સાથે વિલાયત જવા માટે **4 સપ્ટેમ્બર, 1888**ના રોજ ગાંધીજીએ **મુંબઈનું** બંદર છોડયું.
- એ સમય ગાંધીજીની ઉંમર **18 વર્ષ**ની હતી.

## વિલાયતમાં

- મહાત્મા ગાંધીજી વિલાયતમાં સૌપ્રથમ ઈંગ્લેન્ડના **સાઉથેમ્પ્ટન બંદરે** ઉતર્યા હતા. એ દિવસે **શનિવાર** હતો.
- ગાંધીજી વિલાયત પહોંચ્યા ત્યારે તેમની પાસે ભલામણના ચાર કાગળો હતો.

  (1) દાક્તર પ્રાણજીવન મહેતા ઉપર (2) શ્રી દલપતરામ શુકલ ઉપર

  (3) પ્રિન્સ રણજિતસિંહજી ઉપર અને (4) શ્રી દાદાભાઈ નવરોજી ઉપર
- સાઉથેમ્પ્ટન બંદરે ઉતર્યા બાદ ગાંધીજી તથા ત્રંબકરાય મજમુદાર **વિક્ટોરિયા હોટલ**માં રોકાયા હતા.
- ગાંધીજીએ ત્યાંથી સૌપ્રથમ **દાક્તર પ્રાણજીવન મહેતા**ને તાર કર્યો હતો. આથી તેઓ ગાંધીજીને મળવા આવ્યા.
- આ સમયે ગાંધીજીએ અજાણતાં જ **દાક્તર મહેતા**ની રેશમનાં રૂંવાંવાળી ટોપી જોવા ખાતર ઉપાડી અને તેના ઉપર ઊલટો હાથ ફેરવ્યો. દાક્તર મહેતાએ આ જોઈને ગાંધીજીને અટકાવ્યા.
- અને અહીંથી ગાંધીજીનો **યુરોપના રીતરિવાજો** વિશેનો **પહેલો પાઠ** શરૂ થયો હતો.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®


## ગાંધીજીએ આપેલા ઉપનામો

| ક્રમ | ઉપનામ | કોને આપ્યું ? |
|---|---|---|
| 1 | રાષ્ટ્રીય કવિ | શ્રી મૈથિલીશરણ ગુપ્ત |
| 2 | ચરોતરનું મોતી | શ્રી મોતિભાઈ અમીન |
| 3 | દીનબંધુ | શ્રી સી.એફ એન્ડ્રુઝ |
| 4 | સવાઈ | શ્રી કાકાસાહેબ કાલેલકર |
| 5 | કાયદે આઝમ | શ્રી મહમદ અલી ઝીણા |
| 6 | મૂક સેવક | શ્રી રવિશંકર મહારાજ |
| 7 | નેતાજી | શ્રી સુભાષચંદ્ર બોઝ |
| 8 | દેશબંધુ | શ્રી ચિત્તરંજન દાસ |
| 9 | ડુંગળીચોર | શ્રી મોહનલાલ પંડયા |
| 10 | મીરાબેન/ મીરાબાઈ | સુશ્રી મેડલીન સ્લેડ |
| 11 | ગુરૂદેવ | શ્રી રવીન્દ્રનાથ ટાગોર |
| 12 | રાષ્ટ્રીય શાયર | શ્રી ઝવેરચંદ મેઘાણી |

## ગાંધીજીને મળેલા ઉપનામો

| ક્રમ | ઉપનામ | કોણે આપ્યું ? |
|---|---|---|
| 1 | મહાત્મા | શ્રી રવીન્દ્રનાથ ટાગોર |
| 2 | વન મેન બાઉન્ડ્રી | શ્રી લોર્ડ માઉન્ટ બેટન |
| 3 | બાપુ | શ્રી ઝવરેચંદ મેઘાણી |
| 4 | અર્ધનગ્ન ફકીર | શ્રી વિન્સ્ટન ચર્ચિલ |





પરીક્ષા પહેલાની પરીક્ષા
LIVE
Dy.SO
FULL LENGTH
TEST
Test
Paper
7:30 PM
Harshit Sir




ICE
INSTITUTE FOR COMPETITIVE EXAMS
ગુજરાતી વ્યાકરણ
You Tubeમાં પ્રથમ વાર
1500+
શબ્દભંડોળ
માત્ર એકજ લેકચરમાં
LIVE 8:00 AM
icerajkot
જયદીપ સર

# વંદે ભારત એક્સપ્રેસ 2.0

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેપિટલ રેલવે સ્ટેશન, ગાંધીનગરથી 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનને લીલીઝંડી આપી શુભારંભ કરાવ્યો હતો.




- તે કેપિટલ રેલવે સ્ટેશન, ગાંધીનગરથી મુંબઈ સેન્ટ્રલ વચ્ચે દોડશે.
- આ અગાઉ પહેલેથી જ બે વંદે ભારત એક્સપ્રેસ કાર્યરત છે. જે નીચે મુજબ છે :

(1) નવી દિલ્હીથી વારાણસી વચ્ચે

(2) નવી દિલ્હીથી કટારા વચ્ચે

## વંદે ભારત એક્સપ્રેસ 2.0ની વિશેષતા

વંદે ભારત 2.0 માત્ર 52 સેકન્ડમાં 0 થી 100 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપ સુધી પહોંચવા અને 180 કિલોમીટર પ્રતિ કલાક સુધીની મહત્તમ ઝડપ જેવી વધુ પ્રગતિ અને સુધારેલ સુવિધાઓથી સજ્જ હશે.

- તેનું વજન લગભગ 392 ટન છે. જે અગાઉના વર્ઝન કરતા 38 ટન ઓછું છે. અગાઉની વંદે ભારત એક્સપ્રેસનું વજન 430 ટન હતું.
- વંદે ભારત એક્સપ્રેસ 2.0 ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ 'કવચ' (KAVACH)થી સજ્જ છે.
- નવી વંદે ભારત ટ્રેનો પ્રથમ બે વંદે ભારત ટ્રેનો કરતા વધુ આરામદાયક હશે.
- કોઈપણ અપ્રિય ઘટનાના કિસ્સામાં ટ્રેનના દરેક કોચમાં ચાર ઈમરજન્સી વિન્ડો છે.
- કોચમાં પેસેન્જર ગાર્ડ કોમ્યુનિકેશન ફેસેલિટીમાં એક્સટીરિયર અને ઓટોમેટિક વોઈસ રેકોર્ડિંગ ફેસેલિટી પર 8 ફ્લેટફોર્મ – સાઈડ કેમેરા છે.
- એક્ઝિક્યુટિવ કોચમાં 180 ડિગ્રી ફરતી સીટોની વધારાની સુવિધા છે.
- હવા શુદ્ધિકરણ માટે રૂફ–માઉન્ટેડ પેકેજ યુનિટ (RMPU)માં અંદરની હવાને ફોટો કેટાલિટીક અલ્ટ્રા વાયોલેટ એર પ્યુરિફિકેશન સિસ્ટમ દ્વારા યુવી લેમ્પ્સ સાથે ફિલ્ટર કરવામાં આવે છે, જે 99 ટકા જંતુઓને નિષ્ક્રિય કરે છે. આ અગાઉના વર્ઝનમાં એર પ્યુરિફાયર નથી.
- પેસેન્જર ઈન્ફોર્મેશન અને ઈન્ફોટેનમેન્ટ સિસ્ટમમાં અગાઉની ટ્રેનોમાં જોવા મળતી 24 ઈંચની જગ્યાએ 32 ઈંચની ડિસ્પ્લે હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ નવી ટ્રેનમાં ડ્રાઈવર–ગાર્ડ કોમ્યુનિકેશનમાં વોઈસ રેકોર્ડિંગની સુવિધા પણ ઉપલબ્ધ હશે.
- કોચના પાવર સપ્લાયમાં નિષ્ફળતાના કિસ્સામાં ટ્રેનને ચાર ઈમરજન્સી લાઈટોથી સજ્જ કરવામાં આવી છે.
- દિવ્યાંગ મુસાફરો માટે વિશેષ પ્રકારના ટોઈલેટ અને સામાન્ય મુસાફરો માટે ટચ – ફ્રી એમેનિટિસ વાળા બાયો વેક્યુમ ટોઈલેટની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.
- આ ઉપરાંત દિવ્યાંગ મુસાફરોની સુવિધા માટે સીટોમાં બ્રેઈલ લિપિની સાથે સીટની સંખ્યા પણ કોતરવામાં આવી છે. જેથી દિવ્યાંગ મુસાફર પોતાની સીટ સુધી સરળતાથી પહોંચી શકે.

નોંધ : (1) આ ટ્રેનએ અમદાવાદથી મુંબઈનું અંતર માત્ર પાંચ કલાક 30 મિનિટમાં કાપ્યું હતું.

(2) વંદે ભારત ટ્રેનને અગાઉ 'ટ્રેન 18' તરીકે ઓળખવામાં આવતી હતી. જે ભારતમાં નિર્માણ પામેલી સૌથી ઝડપી ટ્રેન છે.

(3) પ્રથમ વંદે ભારત ટ્રેનનું નિર્માણ ઈન્ટિગ્રલ કોચ ફેક્ટરી (ICF), ચેન્નાઈ દ્વારા લગભગ રૂ. 100 કરોડના ખર્ચે 'મેક ઈન ઈન્ડિયા' કાર્યક્રમના ભાગરૂપે કરવામાં આવ્યું હતું.

(4) વિકાસના તબક્કા દરમિયાન વંદે ભારત ટ્રેનો લોકોમોટિવ વિના ચલાવવામાં આવે છે જે પ્રોપેલ્શન સિસ્ટમ પર આધારિત હોય છે, જેને ડિસ્ટ્રીબ્યુટેડ ટ્રેક્શન પાવર ટેક્નોલોજી કહેવાય છે.

(5) વંદે ભારત એક્સપ્રેસની નવી ડિઝાઈનમાં હવા શુદ્ધિકરણ માટે રૂફ માઉન્ટેડ પેકેજ યુનિટ (RMPU) માં ફોટો–કેટાલિટિક અલ્ટ્રાવાયોલેટ એર પ્યુરિફિકેશન સિસ્ટમ 'સેન્ટ્રલ સાયન્ટિફિક ઈન્સ્ટ્રુમેન્ટ્સ ઓર્ગેનાઈઝેશન (CSIO), ચંદીગઢ' ની ભલામણ કર્યા બાદ સ્થાપિત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## કવચ શું છે ?

કવચ (KAVACH) એ સ્વદેશી રીતે વિકસિત સિસ્ટમ છે જે ટ્રેનો વચ્ચે અથડામણને અટકાવે છે.

- તેને 'Train Collision Avoidance System' (TCAS) (ટ્રેન અથડામણ ટાળવાની સિસ્ટમ) અથવા Armour તરીકે પણ ઓળખવામાં આવે છે.
- તે ઈલેક્ટ્રોનિક ઘટકો અને રેડિયો ફ્રીક્વન્સી આઈડેન્ટિફિકેશન (RFID) ઉપકરણોનો સમૂહ છે જે લોકોમોટિવ્સ અને સિગ્નલ સિસ્ટમ તેમજ ટ્રેક્સમાં સ્થાપિત થયેલ હોય છે.
- તે ટ્રેનની બ્રેકને નિયંત્રિત કરવા અને ડ્રાઈવરોને ચેતવણી આપવા માટે હાઈ રેડિયો ફ્રીક્વન્સીનો ઉપયોગ કરીને એકબીજા સાથે સંપર્ક કરે છે.

**વર્તમાન કાર્યરત વંદેભારત એક્સપ્રેસ**

| ક્રમ | કયા બે સ્ટેશન વચ્ચે | અંતર | ઉદ્‌ઘાટન |
|---|---|---|---|
| 1 | નવી દિલ્હી થી વારાણસી (પ્રથમ પેઢીની ટ્રેન) | 759 કિમી (472 માઈલ) | 3 ઓક્ટોબર, 2019 |
| 2 | નવી દિલ્હી થી કટારા (પ્રથમ પેઢીની ટ્રેન) | 655 કિમી (407 માઈલ) | 15 ફેબ્રુઆરી, 2019 |
| 3 | ગાંધીનગર કેપિટલ–મુંબઈ સેન્ટ્રલ (બીજી પેઢીની ટ્રેન) | 520 કિમી (320 માઈલ) | 30 સપ્ટેમ્બર, 2022 |

## PFI પર પ્રતિબંધ

કેન્દ્ર સરકારે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI) પર પાંચ વર્ષ માટેનો પ્રતિબંધ મૂક્યો છે.

- કેન્દ્રીય ગૃહમંત્રાલયે પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI) અને તેના સંગઠન પર ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (પ્રિવેન્શન) એક્ટ (UAPA) હેઠળ આતંકવાદી જૂથો અને વિધ્વંસક પ્રવૃત્તિઓ સાથેના સંબંધો બદલ પ્રતિબંધ મૂક્યો છે.
- ઉત્તરપ્રદેશ, કર્ણાટક અને ગુજરાત રાજ્યની રાજ્ય સરકારોની ભલામણોના આધારે આ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.
- PFI સાથે જોડાયેલી 8 સંસ્થાઓ પર પણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ આઠ સંસ્થા નીચે મૂજબ છે.

(1) રિહેબ ઈન્ડિયા ફાઉન્ડેશન (RFI)

(2) કેમ્પસ ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (CFI)

(3) ઓલ ઈન્ડિયા ઈમામ કાઉન્સિલ (AIIC)

(4) નેશનલ કોન્ફેડરેશન ઓફ હ્યુમન રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન (NCHRO)

(5) નેશનલ વિમેન્સ ફ્રન્ટ

(6) એમ્પાવર ઈન્ડિયા ફાઉન્ડેશન

(7) રિહેબ ફાઉન્ડેશન, કેરળ

**પ્રતિબંધ માટેનું કારણ**

ભારત સરકારના જણાવ્યા મુજબ PFIના કેટલાક સ્થાપક સભ્યો સ્ટુડન્ટ્સ ઈસ્લામિક મૂવમેન્ટ ઓફ ઈન્ડિયા

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

(SIMI)ના નેતાઓ છે. અને જમાત – ઉલ – મુજાહિદ્દીન બાંગ્લાદેશ (JMB) સાથે પણ સંબંધ ધરાવે છે, જે બંને પ્રતિબંધિત સંગઠનો છે.

- આ ઉપરાંત ઈસ્લામિક સ્ટેટ ઓફ ઈરાક એન્ડ સીરિયા (ISIS) જેવી વૈશ્વિક આતંકવાદી જૂથો સાથે PFIના આંતરરાષ્ટ્રીય સંબંધોના ઘણા ઉદાહરણો છે.

## PFI

કેરળમાં નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ (NDF), કર્ણાટક ફોરમ ફોર ડિગ્નિટી અને તમિલનાડુમાં મનિથા નીતિ પાસરાઈ – એમ ત્રણ સંગઠનોના વિલીનીકરણના પરિણામે વર્ષ 2007 માં પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (PFI)ની સ્થાપના કરવામાં આવી હતી.

- (PFI)ની રચનાની ઔપચારિક જાહેરાત 16 ફેબ્રુઆરી, 2007ના રોજ બેંગ્લોરમાં 'એમ્પાયર ઈન્ડિયા કોન્ફરન્સ' દરમિયાન યોજાયેલી રેલીમાં કરવામાં આવી હતી.



1. ભારતમાં 2 ઓક્ટોબરના રોજ કોનો જન્મદિવસ ઉજવાય છે ?

1. મહાત્મા ગાંધીજી
2. લાલ બહાદૂર શાસ્ત્રી
3. શ્રી ચૌધરી ચરણસિંહ
4. શ્રી રવિશંકર મહારાજ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 — (B)

2. મહાત્મા ગાંધીજીનો જન્મ દિવસ 2 ઓક્ટોબર કયા દિવસ તરીકે ઉજવાય છે ?

1. વિશ્વ અહિંસા દિવસ
2. વિશ્વ સ્વચ્છતા દિવસ
3. સ્વચ્છ ભારત દિવસ
4. સ્વસ્થ ભારત દિવસ

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 (C) ફક્ત 1 અને 3 (D) 1, 3 અને 4 — (C)

3. શ્રી લાલ બહાદૂર શાસ્ત્રીએ ભારતના કેટલામાં વડાપ્રધાન તરીકે સેવા આપી હતી ?

(A) પ્રથમ (B) બીજા (C) ત્રીજા (D) ચોથા — (B)

4. નવી દિલ્હી ખાતે આવેલા શ્રી લાલબહાદુર શાસ્ત્રીનું સમાધી સ્થળ કયા નામે ઓળખાય છે ?

(A) વિજયઘાટ (B) અભયઘાટ (C) કિસાનઘાટ (D) નારાયણ ઘાટ — (A)

5. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કયા સ્થળેથી 'વંદેભારત એક્સપ્રેસ' (2.0) ટ્રેનને લીલી ઝંડી આપી શુભારંભ કરાવ્યો હતો ?

(A) કેપિટલ રેલવે સ્ટેશન, ગાંધીનગર
(B) કાલુપુર રેલવે સ્ટેશન, અમદાવાદ
(C) સેન્ટ્રલ રેલવે સ્ટેશન, રાજકોટ
(D) સેન્ટ્રલ રેલવે સ્ટેશન, બરોડા — (A)

6. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કેપિટલ રેલવે સ્ટેશન ગાંધીનગરથી 'વંદે ભારત એક્સપ્રેસ' ટ્રેનને લીલીઝંડી આપી શુભારંભ કરાવ્યો છે. આ ટ્રેન કયા બે સ્ટેશનને વચ્ચે દોડશે ?

(A) કેપિટલ રેલવે સ્ટેશન ગાંધીનગરથી મુંબઈ સેન્ટ્રલ
(B) કેપિટલ રેલવે સ્ટેશન ગાંધીનગરથી જયપુર સેન્ટ્રલ
(C) કેપિટલ રેલવે સ્ટેશન ગાંધીનગરથી ઈન્દોર સેન્ટ્રલ
(D) કેપિટલ રેલવે સ્ટેશન ગાંધીનગરથી દિલ્હી સેન્ટ્રલ — (A)

7. તાજેતરમાં કેન્દ્ર સરકારે UAPA હેઠળ 'પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા' (PFI) પર કેટલા વર્ષ માટેનો પ્રતિબંધ મૂક્યો છે ?

(A) બે (B) ત્રણ (C) પાંચ (D) દસ — (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : ઓક્ટોબર માસનો પ્રથમ સોમવાર, વિશ્વ આવાસ દિવસ (World Habitat Day)

'વિશ્વ આવાસ દિવસ' દર વર્ષે ઓક્ટોબર મહિનાના પ્રથમ સોમવારે ઉજવવામાં આવે છે.

- વર્ષ 2022માં 3 ઓક્ટોબરના રોજ આ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- વિશ્વભરમાં ગીચ વસતી ધરાવતા અને ઝડપી શહેરીકરણને કારણે પ્રભાવિત થયેલા લોકો માટે પર્યાપ્ત આશ્રય અને આવાસના મૂળભૂત અધિકારને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશ્ય સાથે આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી (UNGA) દ્વારા 1985માં દર વર્ષે 'વિશ્વ આવાસ દિવસ' ઉજવવાનું નક્કી કરવામાં આવ્યું હતું.
- આ નિર્ણય બાદ 1986માં કેન્યાના નૈરોબીમાં પ્રથમ વિશ્વ આવાસ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## ભારતના નવા એટર્ની જનરલ : શ્રી આર. વેંકટરામણી



તાજેતરમાં સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકિલ શ્રી આર. વેંકટરામણીને ત્રણ વર્ષના સમયગાળા માટે ભારતના એટર્ની જનરલ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

- તેમણે શ્રી કે.કે. વેણુગોપાલનું સ્થાન લીધું છે.
- શ્રી આર. વેંકટરામણી (R. Venkatramani) એક વકીલ છે.
- તેઓ ભારતની સુપ્રીમ કોર્ટમાં 42 વર્ષનો પ્રેક્ટિસ કરવાનો અનુભવ ધરાવે છે.
- તેઓ વર્ષ 1977માં તમિલનાડુ બાર કાઉન્સિલમાં જોડાયા હતા.
- ત્યારબાદ વર્ષ 1982માં સુપ્રીમ કોર્ટમાં સ્વતંત્ર પ્રેક્ટિસ શરૂ કરી હતી.
- અને વર્ષ 1997માં તેઓ સુપ્રીમ કોર્ટમાં વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત થયા હતા.
- શ્રી આર. વેંકટરામણીએ કાયદાની વિવિધ શાખાઓનો અભ્યાસ કર્યો છે, જેમ કે બંધારણીય કાયદો, પરોક્ષ કરનો કાયદો, માનવ અધિકાર કાયદો, નાગરિક અને ફોજદારી કાયદો, ગ્રાહક કાયદો અને સેવાઓ સંબંધિત કાયદો.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

- તેમને વર્ષ 2001માં જિનીવામાં સંયુક્ત રાષ્ટ્રના માનવ અધિકાર માટેના હાઈ કમિશનર અને ઈન્ટરનેશનલ જસ્ટિસ કમિશન દ્વારા સંયુક્ત રીતે આયોજિત વર્કશોપમાં આમંત્રણ આપવામાં આવ્યું હતું.
- આ ઉપરાંત તેઓ આફ્રો–એશિયન પ્રદેશમાં ઈન્ટરનેશનલ કોર્ટ ઓફ જસ્ટિસની પ્રવૃત્તિઓમાં પણ સામેલ હતા.
- તથા વર્ષ 2010 અને 2013 એમ બે ટર્મ માટે લો કમિટીના સભ્ય બન્યા હતા.

## ભારતના એટર્ની જનરલ

એટર્ની જનરલને 'મહાન્યાયવાદી' તરીકે પણ ઓળખવામાં આવે છે.

- ભારતીય બંધારણમાં મહાન્યાયવાદીનું પદ બ્રિટનની વ્યવસ્થામાંથી પ્રેરણા લઈને લેવામાં આવ્યું છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 76 અંતર્ગત એટર્ની જનરલના પદ અંગેની જોગવાઈ કરવામાં આવી છે.
- એટર્ની જનરલ દેશના સર્વોચ્ચ કાયદા અધિકારી છે.
- તેઓ દેશની અદાલતોમાં કેન્દ્ર સરકારનો પક્ષ રાખે છે અને દેશની કોઈપણ ન્યાયાલયમાં સુનાવણીનો હક્ક ધરાવે છે.
- ભારતમાં ત્રણ કાયદા અધિકારીની વ્યવસ્થા કરવામાં આવી છે. જેને 'કાયદા અધિકારી (નિયમો અને શરતો) નિયમ, 1987' અંતર્ગત વ્યાખ્યાયિત કરવામાં આવ્યા છે. જે આ પ્રમાણે છે :

  (1) મહાન્યાયવાદી (Attorney General)

  (2) સોલિસિટર જનરલ (Solicitor General)

  (3) અધિક સોલિસિટર જનરલ (Additional Solicitor General)

## નિમણૂક અને લાયકાત

- સરકારની સલાહ પર ભારતના રાષ્ટ્રપતિ એટર્ની જનરલની નિમણૂક કરે છે.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 76(1) અનુસાર ભારતના રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ બનવા માટેની લાયકાત ધરાવતા વ્યક્તિને ભારતના એટર્ની જનરલ તરીકે નિયુક્ત કરશે.
- તેમની લાયકાત નીચે મુજબ છે :

  (1) તેઓ ભારતના નાગરિક હોવા જોઈએ.

  (2) તેમને કોઈપણ રાજ્યની ઉચ્ચ ન્યાયાલયમાં ન્યાયાધીશ તરીકે ઓછામાં ઓછો 5 વર્ષનો અનુભવ હોવો જોઈએ. અથવા કોઈપણ રાજ્યના ઉચ્ચ ન્યાયાલયમાં વકીલાતનો ઓછામાં ઓછો 10 વર્ષનો અનુભવ હોવો જાઈએ.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

(3) રાષ્ટ્રપતિની નજરમાં તેઓ કાયદાના નિષ્ણાત હોવા જોઈએ.

## કાર્યકાળ

ભારતના મહાન્યાયવાદી (Attorney General)ના કાર્યકાળ વિશે બંધારણમાં કોઈ ચોક્કસ જોગવાઈ નથી.

- પરંતુ ભારતીય બંધારણના અનુચ્છેદ 76(4) અનુસાર તેઓ રાષ્ટ્રપતિની ઈચ્છા સુધી પદ પર રહી શકે છે. જેનો અર્થ એ થાય કે રાષ્ટ્રપતિ ગમે ત્યારે તેમને પદ પરથી હટાવી શકે છે.
- બંધારણમાં મહાન્યાયવાદીને પદ પરથી દૂર કરવાની પ્રક્રિયા કે કારણો વિશે માહિતી આપવામાં આવી નથી.
- જો મહાન્યાયવાદી (એટર્ની જનરલ) સ્વંય પોતાનું પદ છોડવા ઈચ્છતા હોય તો તેઓ રાષ્ટ્રપતિને પોતાનું રાજીનામું આપી પદ છોડી શકે છે.

## વેતન અને ભથ્થા

બંધારણમાં તેમના વેતન અને ભથ્થા વિશે કોઈ ચોક્કસ જોગવાઈ નથી, પરંતુ ભારતીય બંધારણના અનુચ્છેદ 76(4) અનુસાર રાષ્ટ્રપતિ નક્કી કરે તે મુજબ તેમને મહેનતાણું મળશે.

- વેતન ઉપરાંત ન્યાયાલયમાં હાજર રહે ત્યારે દરેક હાજરી માટે અલગથી લાભ મળવાપાત્ર છે.

## ફરજો અને કાર્યો

ભારત સરકારના મુખ્ય કાયદા અધિકારી તરીકે મહાન્યાયવાદી (એટર્ની જનરલ)ની ફરજો અને કાર્યો નીચે મુજબ છે :

(1) તેઓ ભારત સરકારના કાયદાકીય સલાહકાર તરીકે કાર્ય કરે છે. તેઓ રાષ્ટ્રપતિ તરફથી વિચારણા માટે મોકલવામાં આવેલ કાયદા વિષયક બાબતોમાં ભારત સરકારને સલાહ આપે છે.

(2) રાષ્ટ્રપતિ દ્વારા સોંપવામાં આવેલ તમામ કાયદાકીય કાર્ય કરશે.

(3) બંધારણના અનુચ્છેદ 143 અંતર્ગત રાષ્ટ્રપતિ જ્યારે સુપ્રીમ કોર્ટ પાસે સલાહ માંગે ત્યારે મહાન્યાયવાદી ન્યાયાલયમાં સરકારનો પક્ષ રજૂ કરે છે.

(4) ભારત સરકાર વિરુદ્ધના ન્યાયાલય કેસોમાં ભારત સરકાર તરફથી કેસ લડે છે.

## અધિકારો અને મર્યાદાઓ

- મહાન્યાયવાદી (એટર્ની જનરલ)ને સંસદના બંને ગૃહો અથવા ગૃહોની સંયુક્ત બેઠકમાં અને જેમાં તેઓ સભ્ય હોય તેવી સંસદની કોઈ સમિતિમાં બોલવાનો અને તેની કાર્યવાહીમાં ભાગ લેવાનો અધિકાર છે. પરંતુ મતદાનનો અધિકાર નથી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

CURRENT AFFAIRS

# MIRACLES

## EXCLUSIVE FOR GPSC

ધ હિન્દુ, ધ ઈન્ડિયન એક્સપ્રેસ, દિવ્ય ભાસ્કર, સંદેશ, કુરુક્ષેત્ર, યોજના અને ગુજરાત સમાચારનું 360° એનાલિસિસ

**છેલ્લા 4 મહિના (જૂન, જુલાઇ, ઓગસ્ટ, સપ્ટેમ્બર 2022)નું અગત્યનું કરંટ અફેર્સ**



HAPPY NAVRATRI

**Dy. SO SPECIAL**

CURRENT AFFAIRS ISSUE

## મહત્વના મુદ્દા

- નીરજ ચોપરાએ લુસાને ડાયમંડ લીગ ટુર્નામેન્ટ જીતી
- CWG 2022: ભારત મેડલ ટેલીમાં ચોથા સ્થાને રહ્યું
- પ્રોજેક્ટ ચિતા
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસ
- ભારત સ્વતંત્રતા દિવસ
- ભારતમાં રામસર સાઇટ્સની યાદીમાં 11 વેટલેન્ડ શામેલ
- આગામી 25 વર્ષ માટે ભારતનું 'પંચ પ્રાણ' લક્ષ્ય




**: સંપાદક :**
**મૌલિક ગોંધિયા**

ICE®
INSTITUTE FOR COMPETITIVE EXAMS

icerajkotofficial
join our telegram channel

icerajkot
follow us on youtube channel

joinicerajkot.com
click to join our whatsapp

icerajkot
follow us on instagram

icerajkot
follow us on facebook channel

- બંધારણના અનુચ્છેદ 105(4) અનુસાર સંસદ સભ્યોને મળતા તમામ વિશેષાધિકાર મહાન્યાયવાદીને પણ મળવાપાત્ર છે.
- ભારત સરકારની મંજૂરી સિવાય મહાન્યાયવાદી કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાનો કેસ લડી શકશે નહીં. તથા કોઈ કંપનીમાં ડિરેક્ટર પદ સ્વીકારી શકશે નહીં.
- ભારત સરકારે જે બાબતમાં મહાન્યાયવાદીની સલાહ લીધી હોય, તે બાબતમાં તેઓ સરકાર વિરુદ્ધ કેસ લડી શકશે નહીં.
- ભારતીય બંધારણના અનુચ્છેદ 76(3) અનુસાર પોતાની ફરજો બજાવવા માટે મહાન્યાયવાદીને ભારતના રાજ્યક્ષેત્રમાંના તમામ ન્યાયલયોમાં સુનાવણીનો હક રહેશે.

નોંધ : (1) ભારત અને બ્રિટન બંને દેશોમાં મહાન્યાયવાદીના પદની જોગવાઈ છે. વાસ્તવમાં ભારતમાં મહાન્યાયવાદીનું પદ બ્રિટનના મહાન્યાયવાદીના પદથી પ્રેરિત છે. પરંતુ આ બંનેમાં તફાવત છે.

(2) ભારતમાં મહાન્યાયવાદી એ એક ઉચ્ચ કાયદા અધિકારી છે, જ્યારે બ્રિટનમાં ત્યાંના કાયદા મંત્રી જ મહાન્યાયવાદીનું કાર્ય કરે છે.

(3) ભારતમાં મહાન્યાયવાદીનું પદ એ કારોબારીના અંગ સ્વરૂપે છે, જ્યારે બ્રિટનમાં આ પદ રાજકીય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## IMEI નંબર ICDR પોર્ટલ પર રજિસ્ટર કરવો ફરજિયાત

ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (DoT) દ્વારા મોબાઈલ ફોન ઉત્પાદકો માટે ભારત સરકારના **'Indian Counterfeited Divice Restriction Portal' (ICDR)** (ભારતીય નકલી ઉપકરણ પ્રતિબંધ પોર્ટલ) ની સાથે ભારતમાં બનેલા તમામ હેન્ડસેન્ટના 'ઈન્ટરનેશનલ મોબાઈલ આઈડેન્ટિટી' (IMEI)ની નોંધણી કરાવવી ફરજિયાત કરવામાં આવી છે.

- 1 જાન્યુઆરી, 2023 થી ભારતમાં વેચાણ પહેલા તમામ મોબાઈલ ફોનના IMEI નંબર સરકારના પોર્ટલ પર રજિસ્ટર કરાવવું જરૂરી બનશે.

### IMEI નંબર

IMEIનું પૂરું નામ **'International Mobile Equipment Indentity'** છે.

- દરેક સ્માર્ટ ફોન 15 અંકના એક યુનિક IMEI નંબર સાથે આવે છે.
- દૂરસંચાર વિભાગ અને સીમા શુલ્ક વિભાગ ભારતમાં આવનારા IMEI નંબરોની તપાસ કરવા અને રેકોર્ડ કરવા માટે શોધવાનું કામ કરે છે.

- આ નંબરનો ઉપયોગ કોઈપણ પ્રકારની ઓળખ માટે જાણી શકાય છે. જ્યારે કોઈ ઉપયોગકર્તા ઈન્ટરનેટનો ઉપયોગ કરી શકે છે અથવા તેના માધ્યમથી કોલ કરે છે.
- ડ્યુઅલ સિમકાર્ડ વાળા ફોનમાં બે IMEI નંબર (પ્રત્યેક સિમ માટે એક) હોય છે.
- IMEI નંબર નેટવર્ક પ્રદાતાઓને કોઈ પણ ઉપકરણની ચોરી અથવા ખોવાની સ્થિતિમાં તેને ટ્રેક કરવા માટે મદદ કરી શકે છે.
- આ નંબરથી મોબાઈલ ડિવાઈસમાં સિમકાર્ડ બદલવામાં આવ્યા બાદ પણ ટ્રેક કરી શકાય છે.
- આ રીતે ગુનાહિત કિસ્સાઓમાં પોલીસ સ્માર્ટ ફોનનો ઉપયોગ કરનારાઓ સુધી પહોંચી શકે છે.

નોંધ : (1) ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (DoT) એ ભારત સરકારની એક્ઝિક્યુટિવ શાખાના સંચાર મંત્રાલયનો વિભાગ છે.

(2) DoT ટેલિકોમ્યુનિકેશન સેવાઓના વિકાસને વેગ આપવા માટે વિકાસલક્ષી નીતિઓ ઘડી રહ્યું છે.

(3) તે વિવિધ ટેલિકોમ સેવાઓ જેમ કે યુનિફાઈડ એક્સેસ સર્વિસ ઈન્ટરનેટ અને VSAT સેવા માટે લાયસન્સ આપવા માટે પણ જવાબદાર છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



**1.** ‘વિશ્વ આવાસ દિવસ’ (World Habitat Day)ની ઉજવણી ક્યારે કરવામાં આવે છે ?

(A) ઓક્ટોબર માસના પ્રથમ રવિવારે (B) ઓક્ટોબર માસના પ્રથમ સોમવારે

(C) ઓક્ટોબર માસના પ્રથમ ગુરુવારે (D) ઓક્ટોબર માસના પ્રથમ શનિવારે **(B)**

**2.** તાજેતરમાં ભારતના નવા ‘મહાન્યાયવાદી’ (એટર્ની જનરલ) તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) શ્રી આર. વેંકટરામણી (B) શ્રી એમ. વેંકટેશ્વર (C) શ્રી આર. ઐયર (D) શ્રી એમ. વેણુગોપાલ **(A)**

**3.** ભારતીય બંધારણના કયા અનુચ્છેદ અંતર્ગત ‘એટર્ની જનરલ’ના પદ વિશેની જોગવાઈ કરવામાં આવી છે ?

(A) અનુચ્છેદ - 73 (B) અનુચ્છેદ - 76 (C) અનુચ્છેદ - 82 (D) અનુચ્છેદ - 148 **(B)**

**4.** તાજેતરમાં શ્રી આર. વેંકટરામણીને ભારતના નવા એટર્ની જનરલ તરીકે નિયુક્ત કર્યા છે. ભારતીય બંધારણમાં આપેલ એટર્ની જનરલના પદ વિશેની જોગવાઈ સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. એટર્ની જનરલ દેશના સર્વોચ્ચ કાયદા અધિકારી છે.
2. ભારતીય બંધારણના અનુચ્છેદ 76(1) અનુસાર ભારતના રાષ્ટ્રપતિ સુપ્રીમ કોર્ટના ન્યાયધીશ બનવા માટેની લાયકાત ધરાવતા વ્યક્તિને ભારતના એટર્ની જનરલ તરીકે નિયુક્ત કરે છે.
3. બંધારણમાં જણાવ્યા અનુસાર એટર્ની જનરલનો કાર્યકાળ પાંચ વર્ષનો હોય છે.
4. તેઓ ભારત સરકારના કાયદાકીય સલાહકાર તરીકે કાર્ય કરે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 3 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 4 (D) 1, 2, 3 અને 4 **(C)**

**5.** તાજેતરમાં ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન (DoT) દ્વારા IMEI નંબરને ICDR પોર્ટલ પર રજિસ્ટર કરવો ફરજિયાત બનાવ્યો છે. આ IMEI સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ ‘ઈન્ટરનેશનલ મોબાઈલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી’ છે.
2. દરેક IMEI નંબર 15 અંકમાં હોય છે.
3. IMEI નંબર નેટવર્ક પ્રદાતાઓને કોઈપણ ઉપકરણની ચોરી અથવા ખોવાની સ્થિતિમાં તેને ટ્રેક કરવા માટે મદદ કરી શકે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 04 ઓક્ટોબર, વિશ્વ પ્રાણી દિવસ (World Animal Day)

સમગ્ર વિશ્વમાં દર વર્ષે 4 ઓક્ટોબરના રોજ પ્રાણીઓના અધિકાર અને કલ્યાણ માટે જાગૃતિ ફેલાવવા 'વિશ્વ પ્રાણી દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.




- ફ્રાન્સના પ્રાણીઓના આશ્રયદાતા સંત શ્રી ફ્રાન્સિસ એસ્સીસીની યાદમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.
- શ્રી ફ્રાન્સીસ એસ્સીસીએ પ્રાણીના રક્ષણ માટે કામ કર્યુ હતું. તેઓ પ્રાણીના કલ્યાણ માટે કાળજીનો સંદેશો ફેલાવતા હતા.
- વિશ્વ પ્રાણી દિવસ વિશ્વભરમાં કલ્યાણ ધોરણોના મિશન સાથે પ્રાણીઓના જીવનમાં સુધારો લાવવા માટે એક સામાજિક ચળવળ છે.

## સપ્ત કોસી હાઈ ડેમ પ્રોજેક્ટ

તાજેતરમાં ભારત અને નેપાળ વધુ અભ્યાસ દ્વારા સપ્ત કોસી હાઈ ડેમ પ્રોજેક્ટને આગળ વધારવા માટે સંમત થયા છે.



- આ દરમિયાન બંને પક્ષોના વરિષ્ઠ અધિકારીઓએ મહાકાલી સંધિના અમલ સહિત દ્વિપક્ષીય જળ – ક્ષેત્રના સહયોગની ચર્ચા કરી હતી.

### સપ્ત કોસી હાઈ ડેમ પ્રોજેક્ટ

સપ્ત કોસી હાઈ ડેમ એ નેપાળની સપ્તકોશી નદી (ભારતમાં કોસી તરીકે ઓળખાય છે) પર બાંધવામાં આવેલ બહુહેતુક પ્રોજેક્ટ છે.

- આ પ્રોજેક્ટનો મુખ્ય ઉદ્દેશ પૂરને નિયંત્રિત કરવાનો અને દક્ષિણ – પૂર્વ નેપાળ અને ઉત્તર બિહારમાં જળવિદ્યુત ઉત્પન્ન કરવાનો છે.
- આ પ્રોજેક્ટ સિંચાઈની સુવિધા પૂરી પાડશે, પૂરને નિયંત્રિત કરશે. અને 3000 મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરશે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## મહાકાલી સંધિ

મહાકાલી નદીના સંકલિત વિકાસ પર ભારત અને નેપાળે વર્ષ 1996 માં મહાકાલી સંધિ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

- જેમાં સારદા બેરેજ, ટનકપુર બેરેજ અને પંચેશ્વર પ્રોજેક્ટનો સમાવેશ થાય છે.

## કોસી નદી



કોસી નદી તિબેટ, નેપાળ અને ભારતમાંથી વહે છે.

- કોસી નદીનો ઉદ્ભવ માઉન્ટ એવરેસ્ટ વિસ્તારમાંથી થાય છે.
- તેનો સ્ત્રોત તિબેટમાં છે જેમાં વિશ્વની ઊંચી જમીનનો સમાવેશ થાય છે.
- તે પછી ગંગાના મેદાનોમાં ઉતરતા પહેલા નેપાળના મોટા ભાગોમાંથી વહે છે.
- કોસી નદીને નેપાળમાં મધ્ય હિમાલયને પાર કર્યા પછી પશ્ચિમ તરફથી 'સુનકોસી' અને પૂર્વ તરફથી 'તામુર કોસી' નદીઓ આવીને મળે છે.
- કોસી નદીને અહીં તામા કોસી, ઈન્દ્રાવતી, અરૂણ, દૂધકોસી અને લીખુ નદી આવીને મળે છે. જેમાં અરૂણ મુખ્ય છે. અરૂણ નદીને પુંગચું પણ કહે છે.
- કોસી નદીને તેની સાત ઉપલી ઉપનદીઓ માટે 'સપ્તકોશી' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- કોસી નદી ભારતમાં મધ્યગંગાના મેદાનમાં આવેલ બિહાર રાજ્યમાંથી પ્રવેશે છે.
- કોસી નદી ભયંકર જળપ્લાવન અને માર્ગ બદલવા માટે પ્રસિદ્ધ છે.
- જેના કારણે બિહારમાં વારંવાર પુર આવે છે.
- આથી, કોસી નદીને 'બિહારનું દુ:ખ' પણ કહે છે.
- કારણ કે વાર્ષિક પૂર લગભગ 21,000 ચોરસ કિમીને અસર કરે છે. ફળદ્રુપ ખેતીની જમીનો ગ્રામીણ અર્થતંત્રને ખલેલ પહોંચાડે છે.
- કોસી નદી બિહારમાં કારાગોલા નજીક ગંગા નદીને મળે છે.
- આ નદીની કુલ લંબાઈ આશરે 729 કિમી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE

## તમામ મહિલાઓને ગર્ભપાતનો અધિકાર : સુપ્રીમ કોર્ટ

તાજેતરમાં સુપ્રીમ કોર્ટે દેશની તમામ મહિલાઓને (વૈવાહિક સ્થિતિને ધ્યાનમાં લીધા વિના/પરણિત અને અપરિણત બંને) સુરક્ષિત અને કાનૂની ગર્ભપાત સંભાળ મેળવવા માટે 24 અઠવાડિયા સુધીના ગર્ભપાતની મંજૂરી આપી છે.

- સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ગર્ભપાતના મામલે પરણિત અને અપરણિત મહિલાઓ વચ્ચે ભેદભાવ રાખવો ગેરબંધારણીય છે.
- જસ્ટિસ ડી. વાય. ચંદ્રચૂડ, જસ્ટિસ પારડીવાલા અને જસ્ટિસ એસ. બોપન્નાની બેંચે કહ્યુ હતુ કે, એબોર્શન (ગર્ભપાત) એ મહિલાના શરીર પરના અધિકારને લગતો મામલો છે.
- સુપ્રીમ કોર્ટે 25 વર્ષની એક અપરણિત મહિલાની અરજી પર આ ચૂકાદો આપ્યો છે.

### સુપ્રીમ કોર્ટનો નિર્ણય

### જૂના કાયદાનું વિસ્તરણ

તેમણે 51 વર્ષ જૂના ગર્ભપાત કાયદા (ધ મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ, 1971)નો વિસ્તાર કર્યો છે, જે અપરણિત મહિલાઓને 24 અઠવાડિયા સુધીની ગર્ભાવસ્થાને સમાપ્ત કરવાથી અટકાવે છે.

- મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નેન્સી એક્ટ 1971 અને તેના નિયમ 2003 હેઠળ, 20 અઠવાડિયાથી 24 અઠવાડિયાની ગર્ભવતિ અપરણિત મહિલાઓને રજિસ્ટર્ડ ચિકિત્સકોની મદદથી ગર્ભપાત કરવાનો અધિકાર ન હતો.
- ત્યારબાદ મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નેન્સી એક્ટ 1971માં નવીનતમ સુધારો 2021માં કરવામાં આવ્યો હતો.

### અનુચ્છેદ 21 હેઠળ પસંદ કરવાનો અધિકાર

સુપ્રીમ કોર્ટે જણાવ્યુ હતું કે બંધારણના અનુચ્છેદ 21 હેઠળ પ્રજનન સ્વાયત્તતા, ગૌરવ અને ગોપનિયતાના અધિકારો અપરણિત મહિલાને એ પસંદ કરવાનો અધિકાર આપે છે કે પરણિત મહિલાની જેમ જ બાળકને જન્મ આપવો કે નહીં.

### કલમ 14 હેઠળ સમાનતાનો અધિકાર

સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે 20 થી 24 અઠવાડિયાની સગર્ભાવસ્થાની અવધી ધરાવતી અવિવાહિત અથવા અપરણિત મહિલાઓને ગર્ભપાત કરતા અટકાવે છે.... જ્યારે આવી સ્થિતિમાં પરણિત મહિલાઓને મંજૂરી આપવી એ બંધારણના અનુચ્છેદ 14નું ઉલ્લંઘન છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારતીય બંધારણના અનુચ્છેદ 14માં જણાવ્યું છે કે ભારતના રાજ્યક્ષેત્રની અંદર કોઈ વ્યક્તિને, રાજ્યથી કાયદા સમક્ષ સમાનતાની અથવા કાયદાના સમાન રક્ષણની ના પાડી શકાશે નહીં.

## બંધારણીય રીતે યોગ્ય નથી

પરણિત અને અપરણિત મહિલાઓ વચ્ચેનો ભેદભાવ બંધારણીય રીતે યોગ્ય નથી.

- કાયદાના લાભો અવિવાહિત અને પરણિત મહિલાઓને સમાન રીતે ઉપલબ્ધ છે.

## પ્રજનન અધિકારોનું વિસ્તરણ

પ્રજનન અધિકારો શબ્દ માત્ર બાળકો હોવા કે ન હોવા પૂરતો મર્યાદિત નથી.

- મહિલાઓના પ્રજનન અધિકારોમાં મહિલાઓના અધિકારો અને સ્વતંત્રતાઓનો સમાવેશ થાય છે.
- પ્રજનન અધિકારોમાં ગર્ભનિરોધક અને જાતિય સ્વાસ્થ્ય વિશે શિક્ષણ અને માહિતી મેળવવાનો અધિકાર, સલામત અને કાનૂની ગર્ભપાત પસંદ કરવાનો અધિકાર અને પ્રજનન સ્વાસ્થ્ય સંભાળનો અધિકાર સામેલ છે.

## Medical Termination of Pregnancy Act

વર્ષ 2021માં સંસદે <u>મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નેન્સી (MPT) એક્ટ, 1971</u>માં સુધારો કરવા માટે '<u>મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નેન્સી (એમેન્ડમેન્ટ) એક્ટ, 2021</u>' પસાર કર્યો હતો.

- આ નવા નિયમો હેઠળ ભારતમાં મહિલાઓની અપવાદરૂપ કેટેગરીઓ માટે સગર્ભાવસ્થા સમાપ્ત કરવાની એટલે કે ગર્ભપાતની મર્યાદા <u>20 થી 24 અઠવાડિયા</u> સુધી વધારી દેવામાં આવી હતી.
- જે મહિલાઓ માટે મર્યાદા વધારવામાં આવી છે તેની અલગ–અલગ સાત કેટેગરી નક્કી કરવામાં આવી હતી. જે MPT એક્ટ હેઠળ નિર્ધારિત નિયમોની કલમ 3B હેઠળ સમાપ્તિ મેળવવા માટે પાત્ર હશે. આ સાત કેટેગરી નીચે મુજબ છે :

(1) જાતીય હુમલો અથવા બળાત્કારની ઘટનામાં,

(2) સગીર,

(3) વિધવાપણુ અને છૂટા છેડા જેવા સંજોગો, એટલે કે વૈવાહિક સ્થિતિમાં ફેરફાર સમયે ગર્ભાવસ્થા,

(4) શારીરિક રીતે વિકલાંગ મહિલાઓ,

(5) માનસિક રીતે બીમાર સ્ત્રીઓ,

(6) ગર્ભની ખોડખાંપણ જેમાં બાળક અસામાન્ય હોવાનો નોંધપાત્ર ખતરો હોય છે. અથવા બાળક જન્મ પછી ગંભીર શારીરિક અથવા માનસિક વિકૃતિનો ભોગ બની શકે છે. અને

(7) જટિલ માનવતાવાદી પરિસ્થિતિઓ, આપત્તિઓ અથવા ઈમર્જન્સિ દરમિયાન ગર્ભવસ્થા વાળી મહિલાઓ.

નોંધ : (1) આ અગાઉ 12 થી 20 અઠવાડિયા વચ્ચેના ગર્ભપાત માટે ડોક્ટરોનો અભિપ્રાય જરૂરી હતો.

(2) સુપ્રીમ કોર્ટે તાજેતરના ચૂકાદામાં જણાવ્યું હતું કે વર્ષ 2021ના MPT એક્ટમાં સુધારા કરીને અપરણિત મહિલાઓને સામેલ કરવા પતિને બદલે પાર્ટનર શબ્દનો ઉપયોગ કરાયો હતો.

(3) કોર્ટે આ સુધારો કરીને વિધવા તેમજ છૂટા છેડા લીધેલી મહિલાઓને 24 અઠવાડિયા સુધીના ગર્ભનું એબોર્શન કરાવવા છૂટ આપી છે.

(4) જો સિંગલ મહિલા કે અપરણિત મહિલાને એબોર્શનના અધિકારોથી વંચિત રાખવામાં આવે તો તે સમાનતાના અધિકારના ભંગ સમાન છે. આથી MPT એક્ટની કલમ 3Bના દાયરામાં સિંગલ મહિલાઓને સામેલ કરવાનું ઉચિત છે.

## ટેલિકોમ ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ યોજના

તાજેતરમાં યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF)એ ટેલિકોમ ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ (TTDF) યોજના શરૂ કરી છે.

- યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF) એ ડિપાર્ટમેન્ટ ઓફ ટેલિકોમ્યુનિકેશન્સ (DoT) હેઠળની એક સંસ્થા છે જે ગ્રામીણ અને દૂરસ્થ ડિજિટલ કનેક્ટિવિટી માટે ધિરાણ આપે છે.
- કેન્દ્રએ ટેલિકોમ્યુનિકેશન બિલ, 2022ના ડ્રાફટમાં કહ્યુ છે કે 1885ના ભારતીય ટેલિગ્રાફ એક્ટ હેઠળ બનાવવામાં આવેલ USOFને 'ટેલિકોમ ડેવલપમેન્ટ ફંડ' તરીકે ઓળખવામાં આવશે.

### ટેલિકોમ ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ (TTDF) યોજના

આ યોજનાનો ઉદ્દેશ્ય ગ્રામીણ–વિશિષ્ટ કોમ્યુનિકેશન ટેક્નોલોજી એપ્લિકેશન્સમાં સંશોધન અને વિકાસ માટે ભંડોળ પૂરું પાડવા, ટેલિકોમ્યુનિકેશન ઈકોસિસ્ટમનું નિર્માણ અને વિકાસ કરવા માટે એકેડેમિયા, સ્ટાર્ટઅપ્સ, સંશોધન સંસ્થાઓ અને ઉદ્યોગ વચ્ચે સમન્વય સ્થાપિત કરવાનો છે.

- આ ઉપરાંત આ યોજનાનો ઉદ્દેશ્ય ટેક્નોલોજીની માલિકી અને સ્વદેશી ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા, ટેક્નોલોજી – કમ – ઈનોવેશનની સંસ્કૃતિ બનાવવા, આયાત ઘટાડવા, નિકાસની તકોને પ્રોત્સાહન આપવા અને બૌધિક સંપત્તિનું સર્જન કરવાનો છે.
- આ યોજના હેઠળ USOF રાષ્ટ્રવ્યાપી જરૂરિયાતોને પહોંચી વળવા માટે સંશોધન, ડિઝાઈન, પ્રોટોટાઈપિંગ,


JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

ઉપયોગના કેસ, પાઈલોટ્સ અને પરીક્ષણના પુરાવા માટે ધોરણો વિકસાવવા અને ઈકોસિસ્ટમ બનાવવાનું લક્ષ્ય પણ બનાવી રહ્યુ છે.

- આ યોજના ઘરેલું જરૂરિયાતોને પહોંચી વળવા માટે સ્વદેશી તકનીકોને પ્રોત્સાહન આપવા અને સામેલ કરવા માટે ભારતીય સંસ્થાઓને અનુદાન પ્રદાન કરવા પર ભાર મૂકે છે.

**નોંધ :** (1) ભારતમાં ટેલિકોમ ઉદ્યોગ વર્ષ 2022 સુધીમાં 1.17 અબજ ગ્રાહકો સાથે વિશ્વનો બીજો સૌથી મોટો ઉદ્યોગ છે. ભારતમાં કુલ ટેલિડેન્સિટી (વિસ્તારમાં રહેતા દરેક સો વ્યક્તિઓ માટે ટેલિફોન કનેક્શનની સંખ્યા) 85.11 ટકા છે.

(2) FDIના પ્રવાહની દૃષ્ટિએ ટેલિકોમ ક્ષેત્ર ત્રીજું સૌથી મોટું ક્ષેત્ર છે, જે કુલ FDIના પ્રવાહમાં 6.44% યોગદાન આપે છે અને 2.2 મિલિયન નોકરીઓ સીધી અને 1.8 મિલિયન નોકરીઓ પરોક્ષ રીતે પ્રદાન કરે છે.



**1.** ‘વિશ્વ પ્રાણી દિવસ’ તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 ઓક્ટોબર (B) 4 ઓક્ટોબર (C) 5 ઓક્ટોબર (D) 6 ઓક્ટોબર **(B)**

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ ‘સપ્ત કોસી હાઈડેમ પ્રોજેક્ટ’ કયા બે દેશ સાથે સંકળાયેલ છે ?

(A) ભારત–બાંગ્લાદેશ (B) ભારત–નેપાળ (C) ભારત–પાકિસ્તાન (D) ભારત–ચીન **(B)**

**3.** તાજેતરમાં સુપ્રીમ કોર્ટે દેશની તમામ મહિલાઓને સુરક્ષિત અને કાનૂની ગર્ભપાત સંભાળ મેળવવા માટે 24 અઠવાડિયા સુધીના ગર્ભપાતની મંજૂરી આપી છે. સુપ્રીમ કોર્ટના આ ચુકાદા સંદર્ભે નીચેના કયા વિધાન સાચા છે ?

1. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે ગર્ભપાતના મામલે પરણિત અને અપરણિત મહિલાઓ વચ્ચે ભેદભાવ રાખવો ગેર બંધારણીય છે.
2. સુપ્રીમ કોર્ટે જણાવ્યું હતું કે બંધારણના અનુચ્છેદ 21 હેઠળ પ્રજનન સવાયત્તતા, ગૌરવ અને ગોપનિયતાના અધિકારો અપરણિત મહિલાને એ પસંદ કરવાનો અધિકાર આપે છે કે પરણિત મહિલાની જેમ જ બાળકને જન્મ આપવો કે નહીં.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 સાચું (B) ફક્ત 2 સાચું

(C) 1 અને 2 બંને સાચું (D) 1 અને 2 બંને ખોટા **(C)**

**4.** તાજેતરમાં યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF)એ ટેલિકોમ ટેક્નોલોજી ડેવલપમેન્ટ ફંડ (TTDF) યોજના શરૂ કરી છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ યોજનાનો ઉદ્દેશ્ય ગ્રામીણ–વિશિષ્ટ કોમ્યુનિકેશન ટેક્નોલોજી એપ્લિકેશનન્સમાં સંશોધન અને વિકાસ માટે ભંડોળ પૂરું પાડવા, ટેલિકોમ્યુનિકેશન ઈકોસિસ્ટમનું નિર્માણ અને વિકાસ કરવા માટે એકેડેમિયા, સ્ટાર્ટઅપ્સ, સંશોધન સંસ્થાઓ અને ઉદ્યોગ વચ્ચે સમન્વય સ્થાપિત કરવાનો છે.
2. આ યોજના ઘરેલુ જરૂરિયાતોને પહોંચી વળવા માટે સ્વદેશી તકનીકોને પ્રોત્સાહન આપવા અને સામેલ કરવા માટે ભારતીય સંસ્થાઓને અનુદાન પ્રદાન કરવા પર ભાર મૂકે છે.
3. આ યોજનાના અમલીકરણ માટે ‘પૂણે ટેલિકોમ્યુનિકેશન ટેક્નોલોજી ઓફિસ’ તેની નોડેલ એજન્સી છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

દિવસ મહિમા : 05 ઓક્ટોબર, (1) વિશ્વ શિક્ષક દિવસ (World Teacher's Day)
(2) રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ (National Dolphin Day)

## વિશ્વ શિક્ષક દિવસ




વિશ્વ શિક્ષક દિવસ દર વર્ષે 5 ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવે છે.

- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ શિક્ષકોના મહત્વ અને તેમના યોગદાનનું સન્માન કરવાનો છે.
- વર્ષ 1966માં યુનેસ્કો અને આંતરરાષ્ટ્રીય શ્રમ સંગઠનની એક બેઠક યોજાઈ હતી. જેમાં શિક્ષકોના અધિકાર, જવાબદારીઓ, રોજગાર અને વધુ શિક્ષણ સાથે માર્ગદર્શિકા બનાવવાનું કહેવામાં આવ્યું હતું.
- સંયુક્ત રાષ્ટ્રમાં વિશ્વ શિક્ષક દિવસને આંતરરાષ્ટ્રીય સ્તરે ઉજવવા માટે વર્ષ 1994માં 100 દેશોના સમર્થન સાથે ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો.
- ત્યારબાદ 5 ઓક્ટોબર, 1994થી વિશ્વ શિક્ષક દિવસ ઉજવવાની શરૂઆત થઈ હતી.

નોંધ : ભારતના પ્રસિદ્ધ પ્રોફેસર, શિક્ષણશાસ્ત્રી, તત્ત્વચિંતક અને રાજપુરુષ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણની યાદમાં તેમનો જન્મદિન 5 સપ્ટેમ્બર ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

## રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ



તાજેતરમાં 5 ઓક્ટોબરના રોજ પ્રથમ 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી.

- થોડા સમય પહેલા કેન્દ્રીય પર્યાવરણ મંત્રાલય દ્વારા 5 ઓક્ટોબરને 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ' તરીકે જાહેર કરવામાં આવ્યો હતો.

- નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડલાઈફ (NBWL)ની સ્થાયી સમિતિએ 5 ઓક્ટોબરને રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ તરીકે નિયુક્ત કરવાનો આ નિર્ણય લીધો હતો.
- આ દિવસ ગંગા ડોલ્ફિન સહિતની અન્ય ડોલ્ફિનના સંરક્ષણ માટે જાગૃતિ લાવવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- આ ઉપરાંત આ દિવસ ડોલ્ફિનના સંરક્ષણ માટે લોકોની ભાગીદારી પર પણ ધ્યાન કેન્દ્રિત કરશે.
- ડોલ્ફિન સ્વસ્થ જળચર ઈકોસિસ્ટમના આદર્શ સૂચક તરીકે કામ કરે છે, તેથી ડોલ્ફિનનું સંરક્ષણ અત્યંત મહત્વનું છે.

## સ્વચ્છ સર્વેક્ષણ 2022 રેન્કિંગ




તાજેતરમાં સ્વચ્છ સર્વેક્ષણ 2022 રેન્કિંગ બહાર પાડવામાં આવ્યું છે.

- ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ સ્વચ્છ ભારત મિશન (SBM)ની આઠમી વર્ષગાઠ અને SBM - અર્બન 2.0ની પ્રથમ વર્ષગાંઠ નિમિત્તે સ્વચ્છ સર્વેક્ષણ 2022ના પરિણામોની જાહેરાત કરી હતી.
- આ પુરસ્કાર આઝાદી @75 સ્વચ્છ સર્વેક્ષણના ભાગરૂપે એનાયત થયા છે.
- સ્વચ્છ સર્વેક્ષણ એ આવાસ અને શહેરી બાબતોના મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલ ભારતના સૌથી સ્વચ્છ શહેરોની યાદી છે.

### સ્વચ્છ સર્વેક્ષણ

તે ભારતના શહેરો અને નગરોમાં સ્વચ્છતા, કચરાના વ્યવસ્થાપન અને એકદંર સ્વચ્છતાનું વાર્ષિક સર્વે કરે છે.

- સ્વચ્છ સર્વેક્ષણ સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે શરૂ કરવામાં આવ્યું હતું, જેનો મુખ્ય ઉદ્દેશ ભારતને સ્વચ્છ અને ખુલ્લામાં શૌચથી મુક્ત બનાવવાનો હતો.
- વર્ષ 2022માં હાથ ધરવામાં આવેલા સાતમાં સ્વચ્છ સર્વેક્ષણમાં 4354 શહેરોએ ભાગ લીધો હતો. જેમાં 9 કરોડથી વધુ નાગરિકોએ પ્રતિસાદ આપ્યો હતો.
- તે વિશ્વનો સૌથી મોટો સ્વચ્છતા સર્વે છે.
- ભારતમાં સ્વચ્છતા સર્વેક્ષણનો પ્રારંભ વર્ષ 2016થી થયો હતો.
- જેમાં વર્ષ 2016માં ભારતના 73 શહેરોએ ભાગ લીધો હતો.

## ભારતમાં સ્વચ્છતા સર્વેક્ષણમાં ભાગ લેનાર શહેરોની સંખ્યા

| ક્રમ | વર્ષ | ભાગ લેનાર શહેરોની સંખ્યા |
|---|---|---|
| 1 | 2016 | 73 |
| 2 | 2017 | 434 |
| 3 | 2018 | 4203 |
| 4 | 2019 | 4237 |
| 5 | 2020 | 4242 |
| 6 | 2021 | 4320 |
| 7 | 2022 | 4354 |

## માપદંડ

શહેરોનું મૂલ્યાંકન 3 માપદંડોના આધારે કરવામાં આવે છે.

- આ ત્રણ માપદંડોને આધારે કુલ 7500 માર્ક્સમાંથી એવોર્ડ એનાયત થયા હતા.
- આ ત્રણ માપદંડો અને તેમને અપાયેલું વેઈટેજ આ પ્રમાણે છે :

## સ્વચ્છતા સર્વેક્ષણ માટેના ત્રણ માપદંડ

| ક્રમ | માપદંડ | વેઈટેજ | માર્ક્સ |
|---|---|---|---|
| 1 | સેવા સ્તરમાં થયેલી પ્રગતી (Service Level Progress) | 40% | 3000 |
| 2 | પ્રમાણપત્ર (Certification) | 30% | 2,250 |
| 3 | નાગરિક અવાજ/નાગરિકોના ફિડબેક (Citizen Voice) | 30% | 2,250 |
| | | કુલ | 7,500 |

## સ્વચ્છ સર્વેક્ષણ 2022 રેન્કિંગ

સ્વચ્છ સર્વેક્ષણ 2022માં ભારતના વિવિધ શહેરોને જુદી–જુદી અનેક કેટેગરીમાં રેન્કિંગ આપવામાં આવ્યા છે.

- ઇન્દોરને સતત છઠ્ઠા વર્ષે ભારતનું સૌથી સ્વચ્છ શહેર જાહેર કરવામાં આવ્યું છે.
- જેમાં 1 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના શહેરોમાં ટોપ 10માં ગુજરાતના 1 શહેરનો સમાવેશ થાય છે.
- જેમાં સુરત બીજા ક્રમે છે.

## 1 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ |
|---|---|---|
| 1 | ઈન્દોર | મધ્યપ્રદેશ |
| 2 | સુરત | ગુજરાત |
| 3 | નવી મુંબઈ | મહારાષ્ટ્ર |
| 4 | GVMC વિશાખાપટ્ટનમ | આંધ્રપ્રદેશ |
| 5 | વિજયવાડા | આંધ્રપ્રદેશ |
| 6 | ભોપાલ | મધ્યપ્રદેશ |
| 7 | તિરૂપતિ | આંધ્રપ્રદેશ |
| 8 | મૈસુર | કર્ણાટક |
| 9 | નવી દિલ્હી (NDMC) | દિલ્હી |
| 10 | અંબિકાપુર | છત્તીસગઢ |
| 16 | રાજકોટ | ગુજરાત |
| 18 | અમદાવાદ | ગુજરાત |
| 33 | ગાંધીનગર | ગુજરાત |
| 45 | વડોદરા | ગુજરાત |
| 67 | ભાવનગર | ગુજરાત |
| 74 | જામનગર | ગુજરાત |
| 99 | વાપી | ગુજરાત |
| 100 | આગ્રા | ઉત્તર પ્રદેશ |

## 1 લાખથી ઓછી વસતી ધરાવતા ભારતના સૌથી સ્વચ્છ 100 શહેરો

| રેન્ક | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | પંચગની | મહારાષ્ટ્ર |
| 2 | પાટણ (NP) | છત્તીસગઢ |
| 3 | કરાડ | મહારાષ્ટ્ર |
| 4 | લોનાવાલા | મહારાષ્ટ્ર |
| 5 | વિટા | મહારાષ્ટ્ર |
| 100 | ગદરવારા | મધ્યપ્રદેશ |

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## કુલ સ્કોર પર આધારિત કોન્ટેનમેન્ટ બોર્ડ રેન્કિંગ

| ક્રમ | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| 1 | દેવલાલી કોન્ટનમેન્ટ | મહારાષ્ટ્ર |
| 2 | અમદાવાદ કોન્ટનમેન્ટ | ગુજરાત |
| 3 | મહુ કોન્ટનમેન્ટ | મધ્યપ્રદેશ |

## 100થી વધુ શહેરી સ્થાનિક સંસ્થા (ULB) ધરાવતા સ્વચ્છ રાજ્યો

| રેન્ક | રાજ્ય |
|---|---|
| 1 | મધ્યપ્રદેશ |
| 2 | છત્તીસગઢ |
| 3 | મહારાષ્ટ્ર |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## 100થી ઓછી શહેરી સ્થાનિક સંસ્થા (ULB) ધરાવતા સ્વચ્છ રાજ્યો

| રેન્ક | રાજ્ય |
|---|---|
| 1 | ત્રીપુરા |
| 2 | ઝારખંડ |
| 3 | ઉત્તરાખંડ |

## ગંગા ટાઉન

ઉત્તરાખંડના હરિદ્વારને એક લાખથી વધુ વસતી ધરાવતા શહેરોની યાદીમાં શ્રેષ્ઠ ગંગા ટાઉનનો એવોર્ડ મળ્યો છે.

- જ્યારે ઉત્તરાખંડના બિજનૌરને એક લાખથી ઓછી વસતી ધરાવતા શહેરોની યાદીમાં શ્રેષ્ઠ ગંગા ટાઉનનો એવોર્ડ મળ્યો છે.

## સફાઈ મિત્ર સુરક્ષા

સફાઈ મિત્ર સુરક્ષામાં તિરુપતિને બેસ્ટ સિટીનો એવોર્ડ આપવામાં આવ્યો છે.

## ફાસ્ટ મૂવર સિટી

કર્ણાટકના શિવમોગ્ગાને ફાસ્ટ મૂવર સિટી એવોર્ડ મળ્યો છે.

## અન્ય એવોર્ડ

- રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશની સ્વચ્છ રાજધાની : વિજયવાડા
- ફાસ્ટ મૂવિંગ રાજ્ય/કેન્દ્ર શાસિત પ્રદેશની રાજધાની : ચંદીગઢ
- ભારતનું પ્રથમ 7 - સ્ટાર ગાર્બેજ ફ્રી સિટી સર્ટિફિકેશન : ઈન્દોર
- 5 - સ્ટાર ગાર્બેજ ફ્રી સર્ટિફિકેશન : સુરત, ભોપાલ, મૈસુર, નવી મુંબઈ, વિશાખાપટ્ટનમ, તિરુપતિ

**નોંધ :** ગાર્બેજ (Garbage)નો ગુજરાતીમાં અર્થ 'કચરા મુક્ત શહેર' થાય છે.

### સૌથી સ્વચ્છ મેગા સિટી (40 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં)

| એવોર્ડનું નામ | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| ભારતનું સૌથી સ્વચ્છ મેગા સિટી | અમદાવાદ | ગુજરાત |

### સૌથી સ્વચ્છ બિગ સિટી એવોર્ડ (10 થી 40 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં)

| એવોર્ડનું નામ | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| સ્વચ્છ બિગ સિટી | વિશાખાપટ્ટનમ | આંધ્રપ્રદેશ |
| ફાસ્ટ મૂવિંગ બિગ સિટી | મેરઠ | ઉત્તરપ્રદેશ |
| સિટીઝન્સ ફિડબેક માટે એવોર્ડ | પિંપરી ચિંચવાડ | મહારાષ્ટ્ર |
| ઈનોવેશન એન્ડ બેસ્ટ પ્રેક્ટિસ માટે એવોર્ડ | કાનપુર | ઉત્તરપ્રદેશ |
| સેલ્ફ સસ્ટેનેબલ સિટી માટે એવોર્ડ | રાજકોટ | ગુજરાત |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## સ્વચ્છ મીડિયમ સિટી એવોર્ડ (3 થી 10 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં)

| એવોર્ડનું નામ | શહેરનું નામ | રાજ્ય |
|---|---|---|
| સ્વચ્છ મીડિયમ સિટી | મૈસુર | કર્ણાટક |
| ફાસ્ટ મૂવિંગ મીડિયમ સિટી | મુઝફ્ફરનગર | ઉત્તરપ્રદેશ |
| સિટીઝન્સ ફિડબેક | મીરા–ભાઈંદર | મહારાષ્ટ્ર |
| ઈનોવેશન એન્ડ બેસ્ટપ્રેક્ટિસ એવોર્ડ | બ્રહ્મપુર | ઓડિશા |
| સેલ્ફ સસ્ટેનેબલ સિટી એવોર્ડ | નોઈડા | ઉત્તરપ્રદેશ |

## સ્વચ્છ સ્મોલ સિટી એવોર્ડ (1 થી 3 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં)

| એવોર્ડનું નામ | શહેરનું નામ | રાજ્ય/કેન્દ્રશાસિત |
|---|---|---|
| સ્વચ્છ સ્મોલ સિટી | નવી દિલ્હી | દિલ્હી |
| ફાસ્ટ મૂવિંગ સ્મોલ સિટી | બારમતી | મહારાષ્ટ્ર |



1. કયા દિવસે 'વિશ્વ શિક્ષક દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.
(A) 3 ઓક્ટોબર (B) 4 ઓક્ટોબર (C) 5 ઓક્ટોબર (D) 6 ઓક્ટોબર (C)

2. ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?
(A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 5 નવેમ્બર (D) 5 ડિસેમ્બર (A)

3. તાજેતરમાં કયા દિવસના રોજ પ્રથમ 'રાષ્ટ્રીય ડોલ્ફિન દિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી ?
(A) 5 ઓક્ટોબર (B) 7 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 11 ઓક્ટોબર (A)

4. ભારત સરકારના કયા મંત્રાલય દ્વારા 'સ્વચ્છ સર્વેક્ષણ' અથવા તો 'સ્વચ્છતા સર્વેક્ષણ'નું આયોજન કરવામાં આવે છે ?
(A) નીતિ આયોગ (B) પર્યાવરણ અને પૃથ્વી વિજ્ઞાન
(C) ગ્રામીણ વિકાસ (D) આવાસ અને શહેરી બાબતો (D)

5. વર્ષ 2022માં ભારતમાં કેટલામાં 'સ્વચ્છતા સર્વેક્ષણ'નું આયોજન થયું હતું ?
(A) ચોથા (B) પાંચમા (C) છઠ્ઠા (D) સાતમા (D)

6. સ્વચ્છતા સર્વેક્ષણ 2022માં ભારતના કુલ કેટલા શહેરોએ ભાગ લીધો હતો ?
(A) 4354 (B) 4231 (C) 4321 (D) 4317 (A)

7. સ્વચ્છ સર્વેક્ષણ 2022માં ભારતના શહેરોમાં અથવા તો ભારતના 1 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?
(A) વિજયવાડા (B) સુરત (C) ઈન્દોર (D) નવી મુંબઈ (C)

8. સ્વચ્છ સર્વેક્ષણ 2022માં મધ્યપ્રદેશનું ઈન્દોર સતત કેટલા વર્ષથી સમગ્ર દેશમાં પ્રથમ ક્રમે છે ?
(A) બે (B) ત્રણ (C) પાંચ (D) છ (D)

9. સ્વચ્છ સર્વેક્ષણ 2022માં ભારતના 1 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં ટોપ 10 માં ગુજરાતના કયા શહેરનો સમાવેશ થયો છે ?
(A) સુરત (B) વડોદરા (C) રાજકોટ (D) અમદાવાદ (A)

10. સ્વચ્છ સર્વેક્ષણ 2022માં ભારતના 1 લાખથી વધુ વસતી ધરાવતા શહેરોમાં સમગ્ર દેશમાં ગુજરાતનું કયું શહેર બીજા ક્રમે છે ?
(A) અમદાવાદ (B) વડોદરા (C) સુરત (D) રાજકોટ (C)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

**11.** સ્વચ્છ સર્વેક્ષણ 2022માં 1 લાખથી ઓછી વસતી ધરાવતા ભારતના સૌથી 100 શહેરોમાં કયું શહેર પ્રથમ ક્રમે છે ?

(A) કરાડ (B) પંચગની (C) લોનાવાલા (D) વિટા **(B)**

**12.** સ્વચ્છ સર્વેક્ષણ 2022માં 40 લાખથી વધુ વસતી ધરાવતા ભારતના શહેરોમાં પ્રથમ ક્રમે ભારતનું સૌથી સ્વચ્છ મેગા સિટી કયું છે ?

(A) ઈન્દોર (B) અમદાવાદ (C) વિજયવાડા (D) ભોપાલ **(B)**

**13.** સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ 2022 વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. સ્વચ્છ સર્વેક્ષણ 2022 લગભગ 4354 શહેરોનું સર્વેક્ષણ કરીને વિશ્વનું સૌથી મોટું સ્વચ્છતા સર્વેક્ષણ બન્યું છે.
2. મધ્યપ્રદેશને 100થી વધુ શહેરી સ્થાનિક સંસ્થાઓ ધરાવતા રાજ્યોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય તરીકે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.
3. ત્રિપુરાને 100થી ઓછી શહેરી સ્થાનિક સંસ્થાઓ ધરાવતા રાજ્યોમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર રાજ્ય તરીકે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે.
4. ઉત્તરાખંડના હરિદ્વારને એક લાખથી વધુ વસતી ધરાવતા શહેરોની યાદીમાં શ્રેષ્ઠ ગંગા ટાઉનનો એવોર્ડ મળ્યો છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 2 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(D)**

**14.** સ્વચ્છ સર્વેક્ષણ 2022માં 'સફાઈ મિત્ર સુરક્ષા'માં કયા સિટીને બેસ્ટ સિટીનો એવોર્ડ આપવામાં આવ્યો છે ?

(A) તિરુપતિ (B) ચેન્નાઈ (C) વિજયવાડા (D) ભોપાલ **(A)**

**15.** સ્વચ્છ સર્વેક્ષણ 2022માં સૌથી સ્વચ્છ બિગ સિટી એવોર્ડ (10 થી 40 લાખ સુધીની વસતી ધરાવતા શહેરોમાં)ની કેટેગરીમાં 'સેલ્ફ સસ્ટેનેબલ સિટી' માટેનો એવોર્ડ કોને મળ્યો છે ?

(A) રાજકોટ (B) મૈસુર (C) મેરઠ (D) કાનપુર **(A)**

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વાયુસેનામાં સ્વદેશી લડાયક હેલિકોપ્ટર 'પ્રચંડ' નો સમાવેશ



તાજેતરમાં સ્વદેશી રીતે વિકસિત મલ્ટિ–રોલ લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) 'પ્રચંડ' (Prachand)ને ઔપચારિક રીતે ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું છે.

- જે ઊંચાઈવાળા લડાયક વિસ્તારોમાં કામગીરી માટે યોગ્ય છે.
- પ્રચંડને ઔપચારિક 143 હેલિકોપ્ટર યુનિટમાં સામેલ કરવામાં આવ્યું છે.
- અગાઉ સુરક્ષા પરની કેબિનેટ સમિતિએ રૂ. 3,887 કરોડના ખર્ચે 15 LCH લિમિટેડ સિરીઝ પ્રોડક્શનની ખરીદીને મંજૂરી આપી હતી.
- 15 હેલિકોપ્ટરમાંથી 10 એરફોર્સ અને બાકીના ભારતીય વાયુસેના માટે હતા.
- કારગિલ યુદ્ધ પછી લગભગ 20 વર્ષના સંશોધન અને વિકાસ પછી LCH વિકસાવવામાં આવ્યું છે.
- રક્ષા મંત્રી રાજનાથસિંહે આ LCH હેલિકોપ્ટરને 'પ્રચંડ' નામ આપ્યું છે.

### હળવા લડાયક હેલિકોપ્ટર (LCH)

લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) વિશ્વનું એકમાત્ર લડાયક હેલિકોપ્ટર છે જે 5000 મીટરની ઊંચાઈ પર શસ્ત્રો અને ઈંધણના નોંધપાત્ર ભાર સાથે લેન્ડિંગ અને ટેક ઓફ કરવા સક્ષમ છે.

- હેલિકોપ્ટર ક્રેશ – પ્રુફ સ્ટ્રક્ચર અને લેન્ડિંગ ગિયર સાથે રડાર સિગ્નલો સામે રક્ષણ આપવા માટે રડાર – શોષક તકનીકનો ઉપયોગ કરે છે.
- દબાણયુક્ત કેબિન પરમાણુ, જૈવિક અને રાસાયણિક (NBC) આકસ્મિકતાઓ સામે રક્ષણ પૂરું પાડે છે.
- હેલિકોપ્ટર કાઉન્ટર ડિસ્પેન્સિંગ સિસ્ટમથી સજ્જ છે. જે તેને દુશ્મનના રડાર અથવા દુશ્મન મિસાઈલથી સુરક્ષિત છે.
- LCH એ હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા ઉત્પાદિત બે ફ્રેન્ચ મૂળના શક્તિ એન્જિનો દ્વારા સંચાલિત છે.

### ઉત્પાદન

1999ના કારગીલ યુદ્ધ દરમિયાન પ્રથમ વખત સ્વદેશી લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટરની જરૂરિયાત અનુભવાઈ હતી. જે તમામ ભારતીય યુદ્ધ ક્ષેત્રની પરિસ્થિતિઓમાં ચોકસાઈથી હુમલો કરી શકે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ભારત ચેતક અને ચિત્તાનો ઉપયોગ કરી રહ્યું છે, જે હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) દ્વારા ઉત્પાદિત સબ 3 ટન કેટેગરીના હેલિકોપ્ટર છે.
- વધુમાં ભારતીય વાયુસેના હાલમાં રશિયન મૂળના MI-17 અને તેના વેરિઅન્ટ્સ MI-17 IV અને MI-17 V5 નો મહત્તમ ટેક ઓફ વજન 13 ટન સાથે ઉપયોગ કરે છે, જે 2028 સુધીમાં તબક્કાવાર દૂર કરવામાં આવશે.
- સરકારએ ઓક્ટોબર 2006માં LCH પ્રોજેક્ટને મંજૂરી આપી હતી અને HALને તેને વિકસાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું.

## LCHની અન્ય વિશેષતાઓ

તેને સરકારી માલિકીની સંરક્ષણ કંપની હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HCL) દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે.

- તેનું મહત્તમ ટેક–ઓફ વજન 5.8 ટન છે.
- તથા આ હેલિકોપ્ટની મહત્તમ ઝડપ 268 કિલોમીટર પ્રતિકલાક અને 550 કિલોમીટરની રેન્જ છે.
- આ હેલિકોપ્ટર ભીષણ રણ, બરફના પહાડો સહિત દરેક સ્થિતિમાં દુશ્મનો પર હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે.
- લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર વેપનરી : 20mm ટરેન્ટ ગન, 70mm રોકેટ અને એર–ટુ–એર મિસાઈલ સિસ્ટમ અનબોર્ડ છે.
- તે પ્રતિ મિનિટ 750 બુલેટ ફાયર કરી શકે છે.
- તે 5.5 ટન ક્લાસ કોમ્બેટ હેલિકોપ્ટર મલ્ટીપલ સ્ટેલ્થ ફીસર્ચ, આર્મર્ડ ડિફેન્સ, નાઈટ એટેક ક્ષમતાથી સજ્જ છે.
- તે વિસ્તૃત શ્રેણી અને ઉચ્ચ –ઊંચાઈ પર્ફોમન્સ ક્ષમતા તેમજ રાઉન્ડ ધ ક્લોક, સર્વ હવામાન લડાઈ ક્ષમતા ધરાવે છે.
- તે હવાઈ સંરક્ષણને તટસ્થ કરવા, બળવા વિરોધી કામગીરી અને શોધ તથા બચાવ કામગીરી કરવા સક્ષમ છે.

## મતદાર જંક્શન (Matdata Junction)

ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમારે રેડિયો શ્રેણી ‘મતદાર જંકશન’નો શુભારંભ કર્યો છે.

- મતદાર જંક્શન એ ભારતના ચૂંટણી પંચ (ECI) અને ઓલ ઈન્ડિયા રેડિયો (AIR) દ્વારા સંયુક્ત રીતે શરૂ કરાયેલ એક વર્ષનો મતદાર જાગૃતિ કાર્યક્રમ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ રેડિયો શ્રેણીમાં કુલ 52 એપિસોડ છે, જેમાંથી દરેક 15 મિનિટનો હશે.
- ઓલ ઈન્ડિયા રેડિયોના સહયોગથી ECI દ્વારા તેનું નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ કાર્યક્રમ માહિતી અને મનોરંજનનું મિશ્રણ છે.
- તેનો હેતુ મતદાન પ્રત્યે શહેરી વસતીની ઉદાસીનતાને દૂર કરવાનો અને લોકશાહીની સુરક્ષામાં મહત્વ વિશે જાગૃતિ લાવવાનો છે.
- આ કાર્યક્રમ સમાવેશી, સુલભ, પારદર્શક, મુક્ત, ન્યાયી અને પ્રલોભન મુક્ત રીતે ચૂંટણીઓ કેવી રીતે હાથ ધરવામાં આવે છે તેની સમજ પ્રદાન કરશે.
- આ કાર્યક્રમ 15 મિનિટ સુધી ચાલશે અને દર શુક્રવારે સાંજે 7 થી 9 સ્લોટ દરમિયાન ઓલ ઈન્ડિયા રેડિયો નેટવર્ક પર પ્રસારિત થશે.
- તે હિન્દી, અંગ્રેજી અને અન્ય પ્રાદેશિક ભાષાઓ સહિત 23 ભાષાઓમાં પ્રસારિત થશે.
- કાર્યક્રમના દરેક એપિસોડમાં ચૂંટણી પંચના 'સિસ્ટેમેટિક વોટર એજ્યુકેશન એન્ડ ઈલેક્ટોરલ પાર્ટિસિપેશન' (SVEEP) દ્વારા તૈયાર કરવામાં આવેલ પ્રશ્નોત્તરી, નિષ્ણાત ઈન્ટરવ્યુ અને ગીતોનો સમાવેશ કરવામાં આવશે.
- કાર્યક્રમમાં કોઈપણ નાગરિક મતદાનના કોઈપણ પાસા પર પ્રશ્નો પૂછી શકે છે અથવા સૂચનો આપી શકે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS


## ચૂંટણી પંચના રાષ્ટ્રીય આઈકોન

ચૂંટણી પંચે બોલિવૂડના પ્રસિદ્ધ અભિનેતા શ્રી પંકજ ત્રિપાઠીને ચૂંટણી પંચના રાષ્ટ્રીય આઈકોન બનાવ્યા છે.



- તેની જાહેરાત મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમારે કરી હતી.
- શ્રી પંકજ ત્રિપાઠીએ પોતાના શાનદાર અભિનયના દમ પર દરેક ઘરમાં એક ખાસ ઓળખ બનાવી છે.
- આથી, મતદારોમાં મતદાન અંગે જાગૃતિ વધારવા માટે ચૂંટણી પંચે પંકજ ત્રિપાઠીની પસંદગી કરી છે.

## સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2022 એવોર્ડ




2 ઓક્ટોબર, 2022ના રોજ નવી દિલ્હીના વિજ્ઞાન ભવન ખાતે પીવાના પાણી અને સ્વચ્છતા વિભાગ (DDWS) દ્વારા સ્વચ્છ ભારત દિવસ 2022નું આયોજન કરવામાં આવ્યું હતું.

- આ અંતર્ગત ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ 'સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2022 એવોર્ડ' અર્પણ કર્યા હતા.
- જેમાં તેલંગાણા રાજ્યએ મોટા રાજ્યોની શ્રેણી હેઠળ સ્વચ્છ સર્વેક્ષણ 2022નો પ્રથમ ક્રમાંકે એવોર્ડ જીત્યો છે.
- તેલંગાણા બાદ હરિયાણા બીજા અને તમિલનાડુએ ત્રીજા નંબરનો એવોર્ડ જીત્યો છે.
- નાના રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશની કેટેગરીમાં આંદામાન અને નિકોબારે પ્રથમ સ્થાન મેળવ્યું છે.
- ત્યારબાદ દાદરા અને નગર હવેલી અને દિવ અને દમણ બીજા ક્રમે તથા સિક્કિમ ત્રિજા ક્રમે છે.
- સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2022 પુરસ્કાર મુખ્ય માત્રાત્મક અને ગુણાત્મક સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ (SBM-G) પર હાંસલ કરેલા પ્રદર્શનના આધારે રાજ્યો અને જિલ્લાઓને રેન્ક આપે છે.


GPSC 1/2, PI, PSI/CONSTABLE, S.T.I., Dy.SO, નાયબ મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, TET, TAT વગેરે વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે અત્યંત ઉપયોગી પુસ્તક

ગુજરાતનો ઇતિહાસ

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ગુજરાતનો ઇતિહાસ વિષયમાં તમામ પરીક્ષાલક્ષી વિગતોને પદ્ધતિસર આવરી લેતું પુસ્તક
- પ્રાચીન, મધ્યકાલીન અને આધુનિક ગુજરાતમાં વિભાગને અંતે Most IMP Topic અલગ ચેપ્ટર સ્વરૂપે
- યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, GCERT તથા NCERTના ઇતિહાસના પુસ્તકોના વિશેષ સંદર્ભનો નિચોડ
- ઇતિહાસની તમામ ઘટનાઓને ક્રમબદ્ધ રીતે આલેખવામાં આવેલું પુસ્તક

ફ્રી બુક લેટ 1700+ MCQ નો સમાવેશ




આ પુસ્તક તમામ અગ્રગણ્ય બુક સ્ટોર અને www.iceonline.in પર ઉપલબ્ધ છે.

1. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પ્રચંડ' (Prachand) શું છે ?

(A) LCH હેલિકોપ્ટર (B) જ્વાળામુખી (C) મિસાઈલ (D) બોમ્બ પરીક્ષણ (A)

2. તાજેતરમાં સ્વદેશી રીતે વિકસિત મલ્ટિ–રોલ લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) 'પ્રચંડ'ને ઔપચારિક રીતે ભારતીય વાયુસેનામાં સામેલ કરવામાં આવ્યું છે. આ LCH સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. LCH વિશ્વનું એકમાત્ર લડાયક હેલિકોપ્ટર છે જે 5000 મીટરની ઊંચાઈ પર શસ્ત્રો અને ઈંધણના નોંધપાત્ર ભાર સાથે લેન્ડિંગ અને ટેક ઓફ કરવા સક્ષમ છે.
2. તેને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ દ્વારા ડિઝાઈન અને વિકસિત કરવામાં આવ્યું છે.
3. તેનુ મહત્તમ ટેક–ઓફ વજન 5.8 ટન છે. તથા હેલિકોપ્ટરની મહત્તમ ઝડપ 268 કિ.મી. પ્રતિકલાક છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

3. તાજેતરમાં ભારતના મુખ્ય ચૂંટણી કમિશનર શ્રી રાજીવ કુમારે રેડિયો શ્રેણી 'મતદાર જંકશન'નો શુભારંભ કર્યો છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) મતદાર જંકશન એ ભારતના ચૂંટણી પંચ અને ઓલ ઈન્ડિયા રેડિયો દ્વારા સંયુક્ત રીતે શરૂ કરાયેલ એક વર્ષનો મતદાર જાગૃતિ કાર્યક્રમ છે.
(B) આ રેડિયો શ્રેણીમાં કુલ 52 એપિસોડ છે, જેમાંથી દરેક 15 મિનિટનો હશે.
(C) તે હિન્દી, અંગ્રેજી અને અન્ય પ્રાદેશિક ભાષાઓ સહિત 23 ભાષાઓમાં પ્રસારિત થશે.
(D) ઉપરોક્ત તમામ સાચા (D)

4. તાજેતરમાં ચૂંટણી પંચે કોને 'ચૂંટણી પંચના રાષ્ટ્રીય આઈકોન' બનાવ્યા છે ?

(A) શ્રી સોનુ સુદ (B) શ્રી પંકજ ત્રિપાઠી (C) શ્રી વિરાટ કોહલી (D) શ્રી રોહિત શર્મા (B)

5. સ્વચ્છ સર્વેક્ષણ ગ્રામીણ 2022 એવોર્ડમાં મોટા રાજ્યની કેટેગરીમાં કયું રાજ્ય પ્રથમ ક્રમે છે ?

(A) તેલંગાણા (B) મધ્યપ્રદેશ (C) રાજસ્થાન (D) હરિયાણા (A)

## દિવસ મહિમા : 07 ઓક્ટોબર, વિશ્વ કપાસ દિવસ (World Cotton Day)

સમગ્ર વિશ્વમાં 7 ઓક્ટોબરના રોજ 'વિશ્વ કપાસ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- 'વિશ્વ કપાસ દિવસ'નું આયોજન સૌપ્રથમ વર્ષ 2019માં કરવામાં આવ્યું હતું.
- આંતરરાષ્ટ્રીય વેપાર, આર્થિક વિકાસ અને ગરીબી નાબૂદીમાં કપાસ ક્ષેત્રની મહત્વપૂર્ણ ભૂમિકા વિશે જાગૃતિ લાવવાના ઉદ્દેશ્ય સાથે સંયુક્ત રાષ્ટ્ર વિશ્વ કપાસ દિવસની ઉજવણી કરે છે.
- પેટા સહારા આફ્રિકામાં ચાર કપાસ ઉત્પાદકો – બેનિન, બુર્કિના ફાસો, ચાડ અને માલિ–જેને 'કોટન ફોર' તરીકે ઓળખવામાં આવે છે. તેઓએ વિશ્વ વેપાર સંગઠનને દર વર્ષે 7 ઓક્ટોબરે આ દિવસ મનાવવાનો પ્રસ્તાવ મૂક્યો હતો.
- કપાસ એ એક ફેબ્રિક છે જે વિશ્વભરના 100 બિલિયન પરિવારોને લાભ આપે છે.

નોંધ : (1) 7 ઓક્ટોબર, 2020ના રોજ ભારત સરકારે 'વિશ્વ કપાસ દિવસ' નિમિત્તે પ્રથમ વખત ભારતીય કપાસ માટે બ્રાન્ડ અને લોગો લોન્ચ કર્યો હતો.

(2) ત્યારબાદ ભારતના પ્રીમિયમ કપાસને વિશ્વ કપાસના વેપારમાં 'કસ્તુરી કપાસ' (Kasturi Cotton) તરીકે ઓળખવામાં આવે છે.

(3) કપાસને સફેદ સોના તરીકે પણ ઓળખવામાં આવે છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## SASTRA Ramanujan Prize 2022

વર્ષ 2022 માટેનો શાસ્ત્ર રામાનુજન પુરસ્કાર (SASTRA Ramanujan Prize) કેલિફોર્નિયા યુનિવર્સિટી બર્કલેના સહાયક પ્રોફેસર સુશ્રી યુનકિંગ તાંગ (Yunquing Tang)ને આપવામાં આવશે.



- વર્ષ 2022 માટેનો આ પુરસ્કાર સુશ્રી યુનકિંગને તેમના અંકગણિત, મોડ્યુલર વળાંકો અને શિમુરા પ્રકારની ભૂમિતીના કાર્યો માટે એનાયત કરવામાં આવ્યો છે.
- ચીનમાં જન્મેલા સુશ્રી યુનકિંગએ પેન્કિંગ યુનિવર્સિટીમાં બી.એસ.સી.નો અભ્યાસ પૂર્ણ કર્યો હતો. ત્યારબાદ તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીમાં ગયા હતા.
- જ્યાં તેમણે વર્ષ 2016માં પી.એચ.ડી. પૂર્ણ કર્યુ હતું.
- SASTRA યુનિવર્સિટીમાં આ વર્ષ 20 થી 22 ડિસેમ્બર દરમિયાન યોજનારી નંબર થિયરી પરની આંતરરાષ્ટ્રીય પરિષદમાં સુશ્રી યુનકિંગ તાંગને SASTRA Ramanujan Prize એનાયત કરવામાં આવશે.
- SASTRA Ramanujan Prize વર્ષ 2005માં 'Shanmugha Arts, Science, Technology &

Research Academy' (SASTRA) દ્વારા સ્થાપના કરવામાં આવી હતી.

- શ્રી નિવાસ રામાનુજન દ્વારા પ્રેરિત આ પુરસ્કારમાં ગણિતના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ યોગદાન આપનાર 32 વર્ષ અને તેથી ઓછી વયની વ્યક્તિઓને 10,000 અમેરિકન ડોલરની રોકડ રકમ આપવામાં આવે છે.

નોંધ : SASTRA તમિલનાડુના તંજાવુર જિલ્લામાં સ્થિત ભારતની એક ખાનગી અને ડિમ્ડ યુનિવર્સિટી છે.

### શ્રી શ્રીનિવાસ રામાનુજન

શ્રી શ્રીનિવાસ રામાનુજનનો જન્મ 22 ડિસેમ્બર 1887ના રોજ તમિલનાડુના ઈરોડ ખાતે થયો હતો.

- તેઓ ભારતના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી હતા.
- તેમણે ગણિતના ક્ષેત્રમાં ઔપચારિક તાલીમનો અભાવ હોવા છતા ગણિતમાં મોટું યોગદાન આપ્યું હતું.
- તેમણે ગાણિતિક વિશ્લેષણ, અનંત શ્રેણી, સંખ્યા સિદ્ધાંત અને સતત અપૂર્ણાંકમાં નોંધપાત્ર સફળતા મેળવી હતી.
- તેમણે પૂર્ણ સંખ્યા Hypergeometric અને Euler's Constant (યુલર સ્થિરાંક)ના વિભાજન પર પણ કામ કર્યુ હતું.
- તેમણે તેમના 32 વર્ષના ટૂંકા જીવનકાળમાં લગભગ 39,000 પરિણામો (સમીકરણો અને ઓળખ) સંકલિત કર્યા છે. તેમના મહત્ત્વપૂર્ણ કાર્યોમાં Piની અનંત શ્રેણીનો સમાવેશ થાય છે.
- 1729 એ હાર્ડી રામાનુજન નંબર છે. જ્યારે હાર્ડીએ હોસ્પિટલમાં શ્રી રામાનુજનની મુલાકાત લીધી ત્યારે શ્રી રામાનુજને હાર્ડીને કહ્યું કે 1729 એ સૌથી નાની સંખ્યા છે. જેને બે અલગ રીતે બે ક્યુબ તરીકે વ્યક્ત કરી શકાય છે.
- તેમનો જન્મ દિવસ ભારતમાં 'રાષ્ટ્રીય ગણિત દિવસ' તરીકે ઉજવાય છે.
- તેમની 125મી જન્મજયંતિ નિમિત્તે વર્ષ 2012માં ભારતના તત્કાલીન વડાપ્રધાન ડો. મનમોહન સિંહે આ દિવસની ઉજવણીની જાહેરાત કરી હતી.

## OPEC + દ્વારા તેલના ઉત્પાદનમાં ઘટાડો

તાજેતરમાં પેટ્રોલિયમ નિકાસ કરતા દેશોના સંગઠન અને તેના સાથીઓ (OPEC +) એ તેલના ઉત્પાદનમાં 2 મિલિયન બેરલ પ્રતિ દિવસ (bpd) ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે.

- કોવિડ - 19 મહામારીની શરૂઆત પછી આ સૌથી મોટો ઘટાડો છે.
- નોંધનીય છે કે મે 2022માં અમેરિકાએ ઓઈલ પ્રોડક્શન એન્ડ એક્સપોર્ટિંગ કાર્ટેલ (Nopec) બિલ પસાર કર્યુ હતું, જેનો હેતુ અમેરિકન ગ્રાહકો અને વ્યવસાયોને તેલના ભાવમાં થતા ફેરફારોથી બચાવવાનો છે.

## ઉત્પાદનમાં ઘટાડો થવાનું કારણ

<u>યુક્રેન પર રશિયાના આક્રમણ</u> બાદ તેલના ભાવમાં તીવ્ર વધારો થયો છે અને છેલ્લા કેટલાક મહીનાઓથી તેમાં ઘટાડો થવા લાગ્યો છે.

- યુરોપમાં મંદીની આશંકા અને ચીનમાં લોકડાઉનના પગલાને કારણે સપ્ટેમ્બર 2022માં તેમની કિંમતો ઝડપથી ઘટીને <u>90 અમેરિકન ડોલર</u>ની નીચે પહોંચી ગઈ હતી.
- આ કાપ કિંમતોમાં વધારો તરફ દોરી જશે, જે મધ્ય–પૂર્વના સભ્ય દેશો માટે અત્યંત ફાયદાકારક હશે. જેમની તરફ યુક્રેનના આક્રમણ પછી રશિયા સામેના પ્રતિબંધોને કારણે યુરોપ તેલ માટે વળ્યુ છે.
- OPEC + સભ્યો ચિંતિત છે કે વૈશ્વિક અર્થતંત્રમાં ઘટાડો થવાથી તેલની માંગમાં ઘટાડો થશે અને આ કાપને નફો જાળવી રાખવાના માર્ગ તરીકે જોવામાં આવે છે.
- યુક્રેન પર રશિયાના આક્રમણથી શરૂ થયેલા તેલના ભાવ વધારાએ ઓપેકના સ્થાપક સભ્યોમાંના એક સાઉદી અરેબિયાને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બનાવવામાં મદદ કરી હતી.

## અસર

### યુરોપિયન દેશો પર અસર

તાજેતરમાં યુરોપિયન યુનિયનએ રશિયામાંથી તેલની નિકાસ પર ભાવ મર્યાદા લાદવાની તેની યોજનાની જાહેરાત કરી હતી.

- યોજના હેઠળ દેશોને ફક્ત રશિયન તેલ અને દરિયાઈ માર્ગે પરિવહન કરાયેલ પેટ્રોલિયમ ઉત્પાદનો ખરીદવાની મંજૂરી આપવામાં આવશે જે કિંમતની મર્યાદા અથવા તેનાથી નીચે વેચાય છે.
- જોકે, પુરવઠામાં ઘટાડો કરવાના તાજેતરના નિર્ણયથી વૈશ્વિક તેલના ભાવમાં વધારો થવાની સંભાવના છે, જે રશિયાને તેની ક્રૂડ નિકાસમાંથી નોંધપાત્ર આવકને લક્ષ્ય બનાવવાનું ચાલુ રાખવામાં મદદ કરશે.

### અમેરિકા પર અસર

ઓઈલ/તેલનું ઉત્પાદન વધારવા માટે સંગઠનની વારંવાર માંગના કારણે આ પગલુ અમેરિકા માટે અત્યંત નુકસાનકારક સાબિત થવાની સંભાવના છે.

- કટમાં ઘટાડો અને તેલના ભાવમાં અનુગામી વધારો ખાસ કરીને અમેરિકા માટે ખતરનાક બની શકે છે, જે નવેમ્બર 2022માં મધ્યસ્થ ચૂંટણી પહેલા ફુગાવાના દરને ઘટાડવાનો પ્રયાસ કરી રહ્યું છે.

JOIN WHATSAPP GROUP /joinicerajkot.com

## ભારત પર અસર

ભારત તેના ક્રૂડ ઓઈલના વપરાશના લગભગ 85% આયાત કરે છે, કિંમતોમાં વધારાને કારણે તેલનું આયાત બિલ વધશે.

- આયાત બિલમાં વધારાથી ફુગાવો વધશે અને ચાલુ ખાતાની ખાદ્ય (CAD) અને રાજકોષીય ખાદ્યમાં વધારો થશે. ડોલર સામે રૂપિયો પણ નબળો પડશે અને શેરબજારને અસર કરશે.

## OPEC +

14 સપ્ટેમ્બર, 1960ના રોજ ઈરાકના બગદાદમાં પ્રથમ પાંચ સભ્યો ઈરાન, ઈરાક, સાઉદી અરેબિયા અને વેનેઝુએલા દ્વારા OPECની સ્થાપના કરવામાં આવી હતી.

- તેનું પૂરું નામ 'Organization of the Petroleum Exporting Counries' છે.
- તેનું વડું મથક ઓસ્ટ્રિયાના વિયેના ખાતે આવેલું છે.
- OPECમાં વર્તમાન 13 સભ્યો દેશોનો સમાવેશ થાય છે.
- આ 13 સભ્ય દેશોમાં અલ્જેરિયા, અંગોલા, કોંગો, વિષુવવૃત્તીય ગિની, ગેબોન, ઈરાન, ઈરાક, કુવૈત, લિબિયા, નાઈજીરીયા, સાઉદી અરેબિયા, સંયુક્ત આરબ અમિરાત અને વેનેઝુએલાનો સમાવેશ થાય છે.
- OPEC અન્ય 10 સંલગ્ન મુખ્ય તેલ ઉત્પાદકો દેશો સાથે OPEC + તરીકે ઓળખાય છે.
- OPEC + દેશોમાં અઝરબૈજાન, બહેરિન, બ્રુનેઈ, કઝાકિસ્તાન, મલેશિયા, મેક્સિકો, ઓમાન, રશિયા, દક્ષિણ સુદાન અને સુદાન સહિત 13 OPEC સભ્ય દેશોનો સમાવેશ થાય છે.
- આ સંસ્થાનો હેતુ તેના સભ્યો દેશોની પેટ્રોલિયમ નીતિઓનું સંકલન કરવાનો છે અને ગ્રાહકને પેટ્રોલિયમનો કાર્યક્ષમ, આર્થિક અને નિયમિત પુરવઠો સુનિશ્ચિત કરવા તેલ બજારોની સ્થિરતા સુનિશ્ચિત કરવાનો છે.
- વર્ષ 2018ના અંદાજ અનુસાર તેઓ વિશ્વના લગભગ 40% ક્રૂડ તેલ અને 80% ટકા વિશ્વના તેલ ભંડાર ધરાવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# વિશ્વ અંતરિક્ષ સપ્તાહ 2022 (World Space Week - 2022)

'વિશ્વ અંતરિક્ષ સપ્તાહ' અથવા 'World Space Week' દર વર્ષે 4 થી 10 ઓક્ટોબર દરમિયાન ઉજવવામાં આવે છે.


- વિશ્વ અંતરિક્ષ સપ્તાહની ઉજવણી અવકાશ પ્રવૃત્તિઓ વિશે જાગૃતિ લાવવા, આવનારી પેઢીને તે પ્રવૃત્તિઓમાં યોગદાન આપવા અને અંતરિક્ષ આઉટરીચ અને શિક્ષણમાં આંતરરાષ્ટ્રીય સહયોગને પ્રોત્સાહન આપવા માટે કરવામાં આવે છે.

- વર્ષ 2022ના 'વિશ્વ અંતરિક્ષ સપ્તાહ' ની થીમ '<u>અંતરિક્ષ અને સ્થિરતા' (Space and Sustainability)</u> છે.
- ભારતમાં ISRO અને અટલ ઈનોવેશન મિશન (AIM) એમ બંનેના સહયોગથી 'વિશ્વ અંતરીક્ષ સપ્તાહ'ની ઉજવણી કરવામાં આવી છે.

નોંધ :(1) <u>6 ડિસેમ્બર, 1999</u>ના રોજ યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલી દ્વારા માનવ વિકાસ તરફ અવકાશ વિજ્ઞાન અને ટેક્નોલોજીના યોગદાનની ઉજવણી કરવા માટે વિશ્વ અવકાશ સપ્તાહ અપનાવવામાં આવ્યું હતું.

(2) આ સપ્તાહ <u>4 ઓક્ટોબર, 1957</u>ના રોજ પ્રથમ માનવ નિર્મિત પૃથ્વી ઉપગ્રહ <u>સ્પુતનિક - 1</u>ના પ્રક્ષેપણ અને <u>10 ઓક્ટોબર, 1967</u>ના રોજ <u>આઉટર સ્પેસ ટ્રીટી પર</u> હસ્તાક્ષર કર્યાની યાદમાં ઉજવવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. 'વિશ્વ કપાસ દિવસ'ની ઉજવણી કયા દિવસે કરવામાં આવે છે ?

(A) 7 ઓક્ટોબર (B) 8 ઓક્ટોબર (C) 9 ઓક્ટોબર (D) 10 ઓક્ટોબર (A)

2. વર્ષ 2022 માટેનો 'SASTRA Ramanujan Prize' કોને એનાયત કરવામાં આવશે ?

(A) સુશ્રી વેઈ ઝાંગ (B) શ્રી એડમ હાર્પર (C) શ્રી બેન મેનાર્ડ (D) સુશ્રી યુનકિંગ તાંગ (D)

3. તાજેતરમાં પેટ્રોલિયમ નિકાસ કરતા દેશોના સંગઠન અને તેના સાથીઓ (OPEC +)એ તેલના ઉત્પાદનમાં ________ બેરલ પ્રતિ દિવસ ઘટાડો કરવાનો નિર્ણય લિધો છે.

(A) 1 મિલિયન (B) 2 મિલિયન (C) 3 મિલિયન (D) 4 મિલિયન (B)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'OPEC' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેનું પૂરું નામ 'Organization of the Petroleum Exporting Countries' છે.
2. OPECમાં વર્તમાન 13 સભ્ય દેશનો સમાવેશ થાય છે. તથા તે અન્ય 10 સંલગ્ન મુખ્ય તેલ ઉત્પાદકો દેશો સાથે OPEC + તરીકે ઓળખાય છે.
3. આ સંસ્થાનો ઉદ્દેશ તેના સભ્ય દેશોની પેટ્રોલિયમ નીતિઓનું સંકલન કરવાનો છે.
4. તેનું વડું મથક ઓસ્ટ્રિયાના વિયેના ખાતે આવેલું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1, 3 અને 4 (C) ફક્ત 2, 3 અને 4 (D) 1, 2, 3 અને 4 (D)

5. 'વિશ્વ અંતરીક્ષ સપ્તાહ' દર વર્ષે ક્યારે ઉજવવામાં આવે છે ?

(A) 4 થી 10 ઓક્ટોબર (B) 2 થી 8 ઓક્ટોબર

(C) 1 થી 7 ઓક્ટોબર (D) 3 થી 9 ઓક્ટોબર (A)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 08 ઓક્ટોબર, ભારતીય વાયુ સેના દિન



ભારતીય વાયુસેના (Indian Air Force)ની સ્થાપના 8 ઓક્ટોબર,1932ના રોજ થઈ હતી.

- આથી, ભારતમાં દર વર્ષે 8 ઓક્ટોબરના રોજ 'ભારતીય વાયુસેના દિન'ની ઉજવણી કરવામાં આવે છે.
- ભારતીય વાયુસેના આઝાદી પહેલા 'રોયલ ઈન્ડિયન એરફોર્સ' તરીકે જાણીતું હતું.
- ભારતીય વાયુસેનાનું આદર્શ વાક્ય 'નભ: સ્પૃશં દીપ્તમ' છે.
- ભારતીય વાયુસેનાનું વડું મથક નવી દિલ્હી ખાતે આવેલું છે.

**નોંધ :** ભારતીય વાયુસેનાના વર્તમાન વડા (Chief of Air Staff) શ્રી વિવેક રામ ચૌધરી છે.

## કોમેડિયન શ્રી રાજુ શ્રીવાસ્તવનું નિધન

પ્રસિદ્ધ કોમેડિયન શ્રી રાજુ શ્રીવાસ્તવનું 21 સપ્ટેમ્બર, 2022ના રોજ નીધન થયું હતું.

### શ્રી રાજુ શ્રીવાસ્તવ



શ્રી રાજુ શ્રીવાસ્તવનો જન્મ 25 ડિસેમ્બર, 1963ના રોજ ઉત્તરપ્રદેશના કાનપુર ખાતે થયો હતો.

- તેમનું મૂળનામ શ્રી સત્ય પ્રકાશ શ્રીવાસ્તવ હતું.
- આ ઉપરાંત તેઓ ઘણિવાર ગજોધર તરીકે પણ ઓળખાતા હતા.
- તેઓ એક ભારતીય હાસ્યકલાકાર, અભિનેતા અને રાજનેતા હતા.
- 1980ના દાયકામાં તેઓ મુંબઈ ગયા હતા અને બોલિવૂડ ફિલ્મોમાં નાની ભૂમિકાઓ કરીને તેમની કારકિર્દીની શરૂઆત કરી હતી.
- વર્ષ 2005માં ટેલેન્ટ શો ધ ગ્રેટ ઈન્ડિયન લાફ્ટર ચેલેન્જ સાથે સ્ટેન્ડ–અપ કોમેડીમાં સાહસ કર્યુ હતું. આ ઉપરાંત તેમણે અન્ય ઘણા ટીવી શો કર્યા હતા.
- શરૂઆતમાં તેઓ સમાજવાદી પાર્ટી સાથે સંકળાયેલા હતા. તથા વર્ષ 2014થી ભાજપમાં જોડાયા હતા.
- તેજાબ, મૈને પ્યાર કિયા, બાઝીગર, શ્રી આઝાદ, મોટાભાઈ, બોમ્બે ટુ ગોવા જેવી વગેરે ફિલ્મમાં તેમણે ભૂમિકા ભજવી હતી.
- આ ઉપરાંત દેખભાઈ દેખ, શક્તિમાન, ધ ગ્રેટ ઈન્ડિયન લાફટર ચેલેન્જ, બિગ બોસ, કોમેડી સર્કસ, રાજુ હાજીર હો, નચ બલિયે, કોમેડી નાઈટ્સ વિથ કપિલ, કપિલ શર્મા શો જેવા વગેરે ટીવી શોમાં પણ ભૂમિકા ભજવી હતી.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## પલ્લીનો મેળો (ગાંધીનગર)

તાજેતરમાં પલ્લીનો મેળો આસો સુદ નોમના દિવસે ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં ભરાયો હતો.

### પલ્લીનો મેળો



- સમય : આસો સુદ નોમ
- પલ્લીનો મેળો ગાંધીનગર જિલ્લાના રૂપાલમાં ભરાય છે.
- રૂપાલમાં વરદાયિની માતાજીની પલ્લી ભરાય છે. જેમાં માતાજીની માંડવી પર શુદ્ધ ઘી ચડાવવામાં આવે છે.
- ગાંધીનગર જિલ્લાના રૂપાલ ગામમાં આવેલા વરદાયિની માતાના મંદિરે આસો સુદ નોમના દિવસે પલ્લી મહોત્સવ ઊજવાય છે.
- પલ્લી મહોત્સવ એ પંચબલિની પૂજા સૂચવે છે. ધાર્મિક એકતા અને અસ્પૃશ્યતા નિવારણની આલબેલ પોકારતા પલ્લીના ઉત્સવની વિધિ પણ અનોખી છે.
- આસો સુદ આઠમની રાતે અનુસૂચિત જાતિના લોકો શમી વૃક્ષનું લાકડુ લાવે છે. સુથાર તેમાંથી પલ્લી (લાકડાનો રથ) બનાવે છે. વાળંદ પલ્લીને સોટા બાંધે છે. કુંભાર આવીને એના પર કૂંડાં છાંદે છે. વહોરાઓ કૂંડામાં કપાસિયા પૂરે છે.
- તથા બ્રહ્મણો નવચંડી યજ્ઞ કરે છે. પાંચ કૂંડામાં પ્રગટાવેલી પલ્લી ખંભે ઊંચકીને ભાવિક ભક્તો ગામમાં ફરે છે.
- પલ્લીના મેળામાં લગભગ 10 લાખ જેટલા ભાવિકો આવે છે.
- આ મેળામાં શુદ્ધ 'ઘી'નો અભિષેક કરવાની જૂની પરંપરા છે, જેમાં લગભગ 4 લાખ કિલો 'ઘી'નો અભિષેક કરવામાં આવે છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## ભારતમાં કાર્ડ ટોકનાઈઝેશન

તાજેતરમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (RBI)એ ઓનલાઈન, પોઈન્ટ–ઓફ–સેલ અને એપ્લિકેશનમાં વ્યવહારો માટે ઉપયોગમાં લેવાતા તમામ ક્રેડિટ અને ડેબિટ કાર્ડ માટે ટોકનાઈઝેશન ફરજિયાત બનાવ્યું છે.

- ટોકનાઈઝેશન સેવાઓ માટે ઉપભોક્તાએ કોઈ ચાર્જ ચૂકવવો પડશે નહીં.

### ટોકનાઈઝેશન

તે 'ટોકન' નામના વૈકલ્પિક કોડમાં વાસ્તવિક ક્રેડિટ અને ડેબિટ કાર્ડની વિગતોના રૂપાંતરણનો સંદર્ભ આપે છે.

- જે કાર્ડ, ટોકન વિનંતીકર્તા (તે એકમ કે જે કાર્ડના ટોકનાઈઝેશન માટે ગ્રાહકની વિનંતી સ્વીકારે છે અને તેને સંબંધિત ટોકન જારી કરવા માટે કાર્ડ નેટવર્ક પર મોકલે છે) અને ઉપકરણના સંયોજન માટે અનન્ય હશે.

## ટોકનાઈઝેશનની આવશ્યકતા

### સંવેદનશીલ માહિતીની નબળાઈ

એમેઝોન, મિંત્રા, ફ્લિપકાર્ટ, બિગબાસ્કેટ વગેરે જેવા ઈ–કોમર્સ જાયન્ટ્સ આ કંપનીઓમાં ડેટાબેજમાં કાર્ડ નંબર, એક્સપાયરી ડેટ અને સીવીવી જેવી કાર્ડની સંવેદનશીલ વિગતો તેમની સાથે સ્ટોર કરે છે.

- પરંતુ જો ડેટાબેઝ હેક થઈ જાય તો કાર્ડ ડેટાની ચોરી કે દુરુપયોગના કારણે સમસ્યા સર્જાય છે.

### ડિજિટલ છેતરપિંડીઓમાં વધારો

**Covid-19** મહામારીએ ડિજિટલ અર્થતંત્રમાં ધરખમ ફેરફાર કર્યા છે. ગ્રાહકો અને વેપારીઓની વધતી સંખ્યાને જોતા આ દિશામાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂતી કરવાની જરૂર છે.

- દર મહિને સરેરાશ 6 બિલિયન વ્યવહારો સાથે જો કાળજી લેવામાં ન આવે તો છેતરપિંડી પણ પ્રમાણસર વધી શકે છે.
- આ છેતરપિંડી સમગ્ર દેશની નાણાકીય વ્યવસ્થા માટે ખતરો બની શકે છે.
- વર્ષ 2019 થી વર્ષ 2020 સુધી કાર્ડ છેતરપિંડી 14%ના ચક્રવૃદ્ધિ દર (CAGR)થી વધી છે, જ્યારે છેલ્લા ત્રણ વર્ષમાં તેમાં 34%નો વધારો થયો છે.

### અપ્રચલિત વર્તમાન વ્યવસ્થા

હાલની કાર્ડ–ઓન–ફાઈલ સિસ્ટમ (CoF)નો સરળતાથી ભંગ થઈ શકે છે અને ડેટાની ચોરી થઈ શકે છે.

- આ સુરક્ષાની ચિંતાઓનું ધ્યાન રાખવા માટે **RBI** એક ટોકન સિસ્ટમ લઈને આવી છે જે ખાતરી આપે છે કે ગ્રાહકની વિગતોનો કોઈપણ દ્વારા ભંગ અને દુરુપયોગ કરી શકાશે નહીં.
- કાર્ડ–ઓન–ફાઈલ સિસ્ટમ (CoF) એ એક વ્યવહાર છે જ્યાં કાર્ડધારક વેપારીને કાર્ડધારકના માસ્ટરકાર્ડ અથવા વિઝા ચૂકવણીની વિગતો સંગ્રહિત કરવા માટે અધિકૃત કર્યા છે.

### ટોકનાઈઝેશન સેવાઓની ઓફર

ટોકનાઈઝેશન ફક્ત અધિકૃત કાર્ડ નેટવર્ક દ્વારા જ થઈ શકે છે અને મૂળ પ્રાથમિક એકાઉન્ટ નંબર (PAN)નો ઉપયોગ ફક્ત અધિકૃત કાર્ડ નેટવર્ક માટે જ શક્ય હોવો જોઈએ.

- વધુમાં કાર્ડ નેટવર્ક સિવાય અન્ય કોઈ વ્યક્તિ દ્વારા ટોકનમાંથી **PAN** અને અન્ય સંવેદનશીલ ડેટા મેળવી ન શકાય તેની ખાતરી કરવા માટે પર્યાપ્ત સુરક્ષા પગલાં લેવા જોઈએ.
- **RBI**એ ભારપૂર્વક જણાવ્યું છે કે ટોકન જનરેશન પ્રક્રિયાની અખંડિતતા હંમેશા સુનિશ્ચિત થવી જોઈએ.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ફાયદા

ટોકનાઈઝ્ડ કાર્ડ ટ્રાન્ઝેક્શન સુરક્ષિત માનવામાં આવે છે કારણ કે વ્યવહાર દરમિયાન વાસ્તવિક કાર્ડની વિગતો વેપારી સાથે શેર કરવામાં આવતી નથી. વાસ્તવિક કાર્ડ ડેટા, ટોકન્સ અને સંબંધિત માહિતી અધિકૃત કાર્ડ નેટવર્ક દ્વારા સુરક્ષિત રીતે સંગ્રહિત કરવામાં આવે છે.


- ટોકનાઈઝેશન પેમેન્ટ ઈકોસિસ્ટમમાં અદ્યતન નવીનતાઓ માટે માર્ગ મોકળો કરે છે. તે ચૂકવણી માટે પાયાનો પથ્થર બની ગયો છે, પછી ભલે તે સ્ટોરમાં હોય, ઓનલાઈન હોય અથવા મોબાઈલ વોલેટ દ્વારા હોય.
- તે ગ્રાહકો અને વ્યવસાયો વચ્ચે વિશ્વાસ બનાવે છે.
- વ્યવસાયો માટે લાલ ટેપનું સ્તર ઘટાડે છે.
- તે સામેલ તમામ પક્ષો માટે સરળ અને સુરક્ષિત ચૂકવણી અનુભવોની ઈકોસિસ્ટમ બનાવે છે.

## ભારતમાં કાર્ડ ચૂકવણીની સ્થિતિ

**RBI**ના વાર્ષિક અહેવાલ મુજબ વર્ષ **2021-2022** દરમિયાન ક્રેડિટ કાર્ડ દ્વારા કરવામાં આવેલી ચૂકવણી વ્યવહારોના સંદર્ભમાં **27%** વધીને **223.99 કરોડ** અને મૂલ્યની દ્રષ્ટિએ **54.3%** વધીને **9.72 લાખ** થઈ ગઈ છે.

- જુલાઈ **(2022)** સુધીમાં જારી કરાયેલા ક્રેડિટ કાર્ડ્સની સંખ્યા લગભગ **8 કરોડ** હતી અને સિસ્ટમમાં ડેબિટ કાર્ડ્સની સંખ્યા લગભગ **92.81 કરોડ** હતી.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®



1. 'ભારતીય વાયુસેના દિન' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 ઓક્ટોબર (B) 7 ઓક્ટોબર (C) 8 ઓક્ટોબર (D) 9 ઓક્ટોબર (C)

2. તાજેતરમાં પ્રસિદ્ધ હાસ્ય કલાકાર શ્રી રાજુ શ્રીવાસ્તવનું નિધન થયું છે. તેમના વિશે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનો જન્મ ઉત્તરપ્રદેશના કાનપુર ખાતે થયો હતો.
2. તેમનું મૂળનામ શ્રી સત્યપ્રકાશ શ્રીવાસ્તવ હતું.
3. તેઓ 2009 થી 2014 સુધી રાજ્યસભાના સભ્ય હતા.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (C)

3. તાજેતરમાં ગાંધીનગર જિલ્લામાં પ્રસિદ્ધ 'પલ્લીનો મેળો' ભરાયો હતો તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. પલ્લીનો મેળો ગાંધીનગર જિલ્લાના રૂપાલમાં ભરાય છે.
2. આ મેળો આસો સુદ નોમના દિવસે ભરાય છે.
3. આ મેળામાં વરદાયિની માતાજીની પલ્લી ભરાય છે જેમાં માતાજીની માંડવી પર શુદ્ધ ઘી ચડાવવામાં આવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 2 અને 3
(C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

4. તાજેતરમાં RBIએ ઓનલાઈન, પોઈન્ટ–ઓફ–સેલ અને એપ્લિકેશનમાં વ્યવહારો માટે ઉપયોગમાં લેવાતા તમામ ક્રેડિટ અને ડેબિટ કાર્ડ માટે ટોકનાઈઝેશન ફરજિયાત બનાવ્યું છે. આ ટોકનાઈઝેશન શેનો સંદર્ભ આપે છે ?

(A) તે ટોકન નામના વૈકલ્પિક કોડમાં વાસ્તવિક ક્રેડિટ અને ડેબિટ કાર્ડની વિગતોના રૂપાંતરણનો સંદર્ભ આપે છે.
(B) તે વિદેશમાંથી ભારતમાં ટ્રાન્સફર થતા રૂપિયાને એક ટોકનમાં ફેરવવાનો સંદર્ભ આપે છે.
(C) (A) અને (B) બંને સાચા
(D) (A) અને (B) બંને ખોટા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ મહિલા સાહસિકો માટે સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ 'herSTART' લોન્ચ કર્યુ**

રાષ્ટ્રપતિ પદનો કાર્યભાર સંભાળ્યા પછી પ્રથમવાર ગુજરાતના પ્રવાસે આવેલા રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ અમદાવાદમાં ગાંધી આશ્રમની મુલાકાત લઈને પ્રવાસનો શુભારંભ કર્યો હતો. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુજી સાબરમતી આશ્રમ પહોંચી સૌથી પહેલા આશ્રમના પરિસરમાં આવેલી ગાંધીજીની પ્રતિમાને પુષ્પાજંલિ અર્પણ કરી હતી. આ ઉપરાંત તેમણે મહિલા સાહસિકો માટે herSTART પ્લેટફોર્મ લોન્ચ કર્યુ હતું. અને જણાવ્યું હતું કે ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત 450 સ્ટાર્ટઅપ પ્રોજેક્ટ દ્વારા ઘણાં લોકોને રોજગારી મળી રહી છે. જેમાં ખાસ કરીને ઉદ્યોગસાહસિક મહિલાઓથી પ્રેરિત 125 સ્ટાર્ટઅપ મહિલાઓમાં ઉદ્યોગ સાહસિકતા અને નવીન વિચારોને નવી દિશા આપી રહ્યા છે. આ ઉપરાંત રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ગાંધીનગરથી રૂ.1289 કરોડથી વધુના વિવિધ વિકાસ પ્રકલ્પોનો શિલાયન્સ અને લોકાર્પણ કર્યુ હતું. herSTART એ ગુજરાત યુનિવર્સિટી સ્ટાર્ટઅપ એન્ડ એન્ટરપ્રિન્યોરશિપ કાઉન્સિલ (GUSEC) દ્વારા અમલમાં મુકાયેલ પહેલ છે. તેને ગુજરાત સરકાર, કેન્દ્ર સરકાર અને યુનિસેફ દ્વારા સમર્થન મળે છે. તેનો ઉદ્દેશ્ય મહિલાઓની આગેવાની હેઠળના સ્ટાર્ટઅપ્સના વિકાસમાં મદદ કરવાનો છે.

➤ **ગિફ્ટસિટી, ગાંધીનગર ખાતે 'આઝાદી @75:PM ગતિશક્તિ ગુજરાત' અંતર્ગત સેમિનાર**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ અમલી કરેલા 'PM ગતિ શક્તિ નેશનલ માસ્ટર પ્લાન'ના અમલીકરણ માટે ગિફ્ટ સિટી, ગાંધીનગર ખાતે 'આઝાદી @75:PM ગતિ શક્તિ ગુજરાત' અંતર્ગત યોજાયેલા સેમિનારમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના હસ્તે PM ગતિશક્તિ ગુજરાત' પોર્ટલનું લોન્ચિંગ કરવામાં આવ્યું હતું. આ પોર્ટલ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનને સાકાર કરવા તથા આ માસ્ટર પ્લાનના ઝડપી અમલીકરણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થશે.

## ભારત

### ➤ મધ્યાહ્ન ભોજન (PM પોષણ યોજના)

તાજેતરમાં નાણા મંત્રાલયે મધ્યાહન ભોજન યોજના હેઠળ બાળક દીઠ રસોઈના ખર્ચમાં 9.6% વધારાને મંજૂરી આપી છે. 2020ની શરૂઆતમાં છેલ્લો વધારો થયો ત્યારથી રસોઈનો ખર્ચ પ્રાથમિક વર્ગો (વર્ગ IV)માં બાળક દીઠ 4.97 રૂપિયા અને ઉચ્ચ પ્રાથમિક વર્ગો (વર્ગ VI - 8)માં 7.45 રૂપિયા છે. વધારો અસરકારક થયા પછી પ્રાથમિક સ્તર અને ઉચ્ચ પ્રાથમિક સ્તરે અનુક્રમે 5.45 રૂપિયા અને 8.17 રૂપિયાનો ખર્ચ થશે. મધ્યાહ્ન ભોજન યોજના (શિક્ષણ મંત્રાલય હેઠળ) એક કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે. જે વર્ષ 1995માં શરૂ કરવામાં આવી હતી. પ્રાથમિક શિક્ષણના સાર્વત્રિકરણના ધ્યેયને હાંસલ કરવા માટે તે વિશ્વનો સૌથી મોટો શાળા ભોજન કાર્યક્રમ છે. વર્ષ 2021માં તેનું નામ બદલીને 'પ્રધાનમંત્રી પોષણ શક્તિ નિર્માણ' યોજના (PM પોષણ યોજના) રાખવામાં આવ્યું હતું. અને તેમાં પૂર્વ – પ્રાથમિક વર્ગોના બાલવાટિકાના વિદ્યાર્થીઓ (3-5 વર્ષની વયના બાળકો)નો પણ સમાવેશ થાય છે.

### ➤ નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA)

તાજેતરમાં નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA)એ 28 સપ્ટેમ્બર 2022ના રોજ તેનો 18 મો સ્થાપના દિવસ ઉજવ્યો છે. આ દિવસની ઉજવણીની વર્ષ 2022ની થીમ 'આપત્તિ વ્યવસ્થાપનમાં સ્વૈચ્છિકતા' હતી. નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી એ ભારતમાં આપત્તિ વ્યવસ્થાપન માટેની સર્વોચ્ચ વૈધાનિક સંસ્થા છે. તે ઔપચારિક રીતે 27 સપ્ટેમ્બર, 2006ના રોજ આપત્તિ વ્યવસ્થાપન અધિનિયમ, 2005 હેઠળ વડાપ્રધાન (અધ્યક્ષ) અને નવ સભ્યો સાથે રચવામાં આવી હતી. આ સભ્યોમાંથી એકને ઉપાધ્યક્ષનું પદ આપવામાં આવ્યું છે.

### ➤ ભારત આર્મેનિયાને રૂ.2000 કરોડના શસ્ત્રોની નિકાસ કરશે.

અઝરબૈજાન સાથે સરહદી તણાવના જોખમનો સામનો કરી રહેલા આર્મેનિયા સાથે ભારતે સંરક્ષણ નિકાસ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. નવા હસ્તાક્ષરિત નિકાસ કરાર હેઠળ ભારત આર્મેનિયાને મિસાઈલ, રોકેટ અને દારૂગોળો જેવા લશ્કરી સાધનોની નિકાસ કરશે. તેમાં સ્વદેશી પિનાકા મલ્ટી – બેરલ રોકેટ લોન્ચર્સ, ટેન્ક વિરોધી રોકેટ અને દારૂગોળાની નિકાસનો સમાવેશ થાય છે. આ કોન્ટ્રાક્ટની અંદાજિત કિંમત રૂ. 2000 કરોડથી વધુ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **NGTએ ઓડિશા સરકારને સુકાપાઈકા નદીને પુનઃજીવિત કરવાનો નિર્દેશ આપ્યો**

નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)એ ઓડિશા સરકારને મહાનદીની ઉપનદી સુકાપાઈકા નદીને છ મહિનાની અંદર પુનર્જીવિત કરવાનો નિર્દેશ આપ્યો છે. આ ઉપરાંત તેમણે રાજ્ય સરકારને આ નદીના પુનરુત્થાન માટે સમર્પિત ફંડ બનાવવાનો નિર્દેશ આપ્યો છે. સુકાપાઈકા નદી કટક જિલ્લાના આયાતુર ગામમાંથી નીકળે છે અને તેજ જિલ્લામાં તારાપુર ખાતે મહાનદી સાથે ફરી મળે તે પહેલા લગભગ 40 કિ.મી. સુધી વહે છે. નદીએ તેની પાણી રાખવાની ક્ષમતા ગુમાવી દીધી હોવાથી તે લગભગ આખુ વર્ષ સુકી રહે છે. આ વિસ્તારના ગામોના સાડા પાંચ લાખ લોકો પર તેની નકારાત્મક અસર પડી છે.

➤ **ISRO વનવેબના 36 ઉપગ્રહો લોન્ચ કરશે.**

onewebના 36 જનરલ લો–અર્થ ઓર્બિટ (LEO) ઉપગ્રહોને ISROના GSLV-MK III પર લોન્ચ કરવામાં આવશે. એપ્રિલ 2022માં લંડન સ્થિત સેટેલાઈટ કોમ્યુનિકેશન કંપની onewebએ ISROની વ્યાપારી શાખા ન્યૂસ્પેસ ઈન્ડિયા લિમિટેડ (NSIL) સાથે ભાગીદારી કરી હતી. સોદાના ભાગરૂપે કંપનીના LEO ઉપગ્રહોનું 14મું પ્રક્ષેપણ ભારતીય અવકાશ એજન્સીના સૌથી ભારે રોકેટ GSLV-MK III પર થશે. આ ઉપગ્રહોને શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટરથી લોન્ચ કરવામાં આવશે. વનવેબ સેટેલાઈટ ગ્રુપ એ જનરલ 1 લો–અર્થ ઓર્બિટ સેટેલાઈટનું સૂચિત નેટવર્ક છે જે ઉચ્ચ ડેટા થ્રુપુટ, ઓછી વિલંબતા અને વૈશ્વિક ઈન્ટરનેટ કવરેજ પ્રદાન કરશે. આ ઉપગ્રહો પૃથ્વીની સપાટીની નજીક 1000 કિમીથી ઓછી ઊંચાઈએ રહેશે. આમાંથી પ્રથમ 6 ઉપગ્રહો 2019માં ફ્રેન્ચ ગુઆનાના કિનારે રશિયન સોયુઝ રોકેટ પર લોન્ચ કરવામાં આવ્યા હતા.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ભારત સરકારે યુવા 2.0 યોજના શરૂ કરી**

તાજેતરમાં કેન્દ્ર સરકારે YUVA 2.0 યોજના શરૂ કરી છે. યંગ, અપકમિંગ એન્ડ વર્સેટાઈલ ઓથર્સ (YUVA) યોજનાની બીજી આવૃત્તિ કેન્દ્રીય શિક્ષણ મંત્રાલય દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અથવા ઈન્ડિયા @75 પ્રોજેક્ટના ભાગરૂપે શરૂ કરવામાં આવી હતી. આ યોજના 30 વર્ષથી ઓછી ઉંમરના યુવા અને ઉભરતા લેખકો માટે એક માર્ગદર્શક કાર્યક્રમ છે. તેનો ઉદ્દેશ્ય સમગ્ર ભારતમાં વાંચન અને લેખનની સંસ્કૃતિને પ્રોત્સાહન આપવાનો અને આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતીય લેખનને પ્રદર્શિત કરવાનો છે. તે વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિ, વારસો અને જ્ઞાનના પ્રચાર પર કેન્દ્રિત વિષયોની વિશાળ શ્રેણી પર લખવામાં સક્ષમ ઉભરતા લેખકોને લાભ કરશે. પ્રથમ આવૃત્તિમાં 22 વિવિધ પ્રાદેશિક ભાષાઓ તેમજ અંગ્રેજીમાં યુવા લેખકોની વિશાળ ભાગીદારી જોવા મળ્યા બાદ યુવા યોજનાની નવીનત્તમ આવૃત્તિનું લોન્ચિંગ થયુ છે.

- **વન્યજીવ સપ્તાહ**

ભારતમાં દર વર્ષે 2 થી 8 ઓક્ટોબર દરમિયાન વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. ભવિષ્યમાં વન્યજીવોના લુપ્ત થવાના ભયના કારણે ભારતમાં સૌપ્રથમવાર 7 જુલાઈ, 1955ના રોજ 'વન્યજીવન દિવસ' ઉજવવામાં આવ્યો હતો. દર વર્ષે 2 ઓક્ટોબરથી આખું અઠવાડિયું વન્યજીવ સપ્તાહ મનાવવાનો નિર્ણય પણ કર્યો હતો. વન્યજીવ સપ્તાહ 1956થી ઉજવવામાં આવે છે.

- **અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા**

ભારતમાં આયુષ મંત્રાલય હેઠળની આયુર્વેદની સર્વોચ્ચ સંસ્થા 'અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા' અને 'નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ્ ઈન્ડસ્ટ્રીયલ સાયન્સ એન્ડ ટેકનોલોજી (SSIT), જાપાને શૈક્ષણિક સ્થાપના માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે. SSIT એ જાપાનની પ્રતિષ્ઠિત અને સૌથી મોટી જાહેર સંશોધન સંસ્થાઓમાંની એક છે, જે ટેકનોલોજી અને નવીનતાઓ અને તેમના વ્યાપારીકરણ વચ્ચેના અંતરને દૂર કરવા પર કેન્દ્રિત છે. આ MoU પર હસ્તાક્ષર સાથે અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થાનું લક્ષ્ય છે સંસ્થાની સંશોધન પ્રવૃત્તિઓના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવાનો છે. આ MoU બંને દેશોને પરંપરાગત દવાની ભારતીય આયુર્વેદિક પદ્ધતિના ક્ષેત્રમાં સંશોધન સહયોગ અને ઉત્પાદન ક્ષમતા વધારવા માટે સક્ષમ બનાવશે. આ તમામ પ્રવૃત્તિઓ આયુષ મંત્રાલયના સહયોગથી પૂર્ણ કરવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## વિશ્વ

- **યુનેસ્કોની 50 આઈકોનિક કાપડ હસ્તકલાની યાદી**

તાજેતરમાં યુનેસ્કોએ દેશના 50 વિશિષ્ટ અને પ્રતિષ્ઠિત હેરિટેજ કાપડ હસ્તકલાની યાદી બહાર પાડી છે. યુનેસ્કોના જણાવ્યા અનુસાર દક્ષિણ એશિયામાં અમૃત સાંસ્કૃતિક વારસાની સુરક્ષા માટેનો એક મોટો પડકાર યોગ્ય ઈન્વેન્ટરી અને દસ્તાવેજોનો અભાવ છે. પ્રકાશનનો ઉદ્દેશ આ અંતરને ભરવાનો છે. યુનેસ્કોએ જે 50 વિશિષ્ટ અને પ્રતિષ્ઠિત હેરિટેજ કાપડ હસ્તકલા યાદીની બહાર પાડી છે તેમાના કેટલાક મહત્વપૂર્ણ કાપડ હસ્તકલાની યાદી આ મુજબ છે : તમિલનાડુની ટોડા ભરતકામ અને સુંગડી, હૈદરાબાદની હિમરુ વણાટ, ઓડિશાના સંબલપુરની બાંધો અને રંગ વણાટ, ગોવાની કુણબી વણાટ, મશરૂ વણાટ અને ગુજરાતના પટોળા, મહારાષ્ટ્રનો હિમરૂ, પશ્ચિમ બંગાળના ગરદ–કોરિયાલ, ઈલ્કલ અને લંબડી અથવા કર્ણાટકની બંજારા ભરતકામ, તમિલનાડુની સિકલાનાયકનપેટ કલમકારી, હરિયાણાની ખેસ, હિમાચલ પ્રદેશના ચંબાથી રૂમાલ, લદ્દાખની થિગ્મા અથવા ઊનની બાંધણી અને રંગ, વારાણસીની અવધ જામદાની.

➤ **UNCTADએ વેપાર અને વિકાસ પર વાર્ષિક અહેવાલ બહાર પાડ્યો**

UNCTADએ તેનો વાર્ષિક વેપાર અને વિકાસ અહેવાલ 2022 બહાર પાડ્યો છે. સંયુક્ત રાષ્ટ્રના અહેવાલમાં 2022માં વિશ્વની અર્થવ્યવસ્થામાં 2.6% વૃદ્ધિ થવાની અપેક્ષા છે. તે ગયા વર્ષના અંદાજિત દર કરતા 0.9 ટકા પોઈન્ટ ઓછુ છે. 2023માં વૃદ્ધિ ધીમી પડીને 2.2% થવાની ધારણા છે. રશિયા–યુક્રેન યુદ્ધ તેમજ અદ્યતન અર્થતંત્રોમાં ઝડપથી વધી રહેલા વ્યાજ દરો અને નાણાકીય કઠોરતાએ વૈશ્વિક મંદીમાં ફેરવી દીધી છે. અદ્યતન અર્થતંત્રોની નાણાકીય અને રાજકોષીય નીતિઓ વૈશ્વિક મંદી અને લાંબા સમય સુધી ટ્રિગર કરી શકે છે. આ પરિસ્થિતિને 2008ની નાણાકીય કટોકટી અને 2020ના કોવિડ-19 પ્રેરિત આંચકા કરતા વધુ ખરાબ બનાવી શકે છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે વ્યાજદરોમાં વધારો કરીને ફુગાવાને કાબુમાં લેવાનો પ્રયાસ જોખમી જુગાર છે અને તે મંદી તરફ દોરી જશે. આ રિપોર્ટ અનુસાર ભારતીય અર્થવ્યવસ્થા 2022માં 5.7% અને 2023માં 4.7% વૃદ્ધિ પામશે.

➤ **રશિયાએ યુક્રેનના 4 પ્રદેશો પર કબજો કર્યો**

રશિયાના રાષ્ટ્રપતિ શ્રી વ્લાદિમીર પુતિને યુક્રેનને ચાર પ્રદેશોને ઔપચારિક રીતે જોડવાના સમારોહમાં અધ્યક્ષતા કરી હતી. ક્રિમિયાના રશિયન જોડાણના આઠ વર્ષ પછી મોસ્કોએ વધુ ચાર યુક્રેનના પ્રદેશો–ડોનાત્સક, લુહાન્સક, ઝાપોરિજિયા અને ખેરસન પ્રદેશ જોડ્યા છે. અગાઉ રશિયાએ આ પ્રદેશોના રશિયાના વહીવટ અંગે લોકમત યોજાયો હતો.

➤ **ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલે નાનસેન પુરસ્કાર જીત્યો**

ભૂતપૂર્વ જર્મન ચાન્સેલર એન્જેલા મર્કેલને તાજેતરમાં નાનસેન પુરસ્કાર (Nansen Award) મળ્યો હતો. એન્જેલા મર્કેલને શરણાર્થીઓને આશ્રય આપવા બદલ UNHCR નાનસેન પુરસ્કાર મળ્યો છે. નાનસેન એવોર્ડ શરણાર્થીઓ, રાજ્યવિહોણા અથવા વિસ્થાપિત લોકોની સહાયમાં તેમના યોગદાનને માન્યતા આપવા માટે યુનાઈટેડ નેશન્સ હાઈકમિશનર ફોર રેફ્યુજીસ (UNHCR) દ્વારા દર વર્ષે કોઈ વ્યક્તિ, જૂથ અથવા સંસ્થાને આપવામાં આવે છે.

➤ **યુરોપિયન સંસદે વિશ્વના પ્રથમ સિંગલ ચાર્જર નિયમને મંજૂરી આપી**

યુરોપિયન સંસદે 2024 સુધીમાં યુરોપિયન યુનિયનમાં ઈલેક્ટ્રોનિક ગેજેટ્સ માટે સિંગલ ચાર્જિંગ પાર્ટ રજૂ કરવાના નિયમને મંજૂરી આપી છે. નવો યુરોપિયન યુનિયન કાયદો આદેશ આપે છે કે તમામ નવા સ્માર્ટફોન, ટેબલેટ અને કેમેરામાં પ્રમાણભૂત ચાર્જર હશે. નવા નિયમો ગ્રાહકોને હેન્ડહેલ્ડ ડિવાઈસ ખરીદતી વખતે બે ચાર્જરોમાંથી એક પસંદ કરવાની મંજૂરી આપે છે એક USB-C ચાર્જર સાથે અને બીજો USB-C ચાર્જર વિના. આ કાયદાના પ્રથમ તબક્કા હેઠળ 2024ના અંતથી તે અમલમાં આવશે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE
icerajkot

## ICE ? Questions

- ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રોપદી મુર્મુએ મહિલા ઉદ્યમીઓ માટેનું સ્ટાર્ટઅપ પ્લેટફોર્મ 'herSTART' ક્યાંથી લોન્ચ કર્યુ છે ? – અમદાવાદ
- તાજેતરમાં કયા સ્થળે 'આઝાદી @75 : PM ગતિશક્તિ ગુજરાત' સેમિનાર યોજાયો હતો ? – ગિફ્ટ સિટી, ગાંધીનગર
- તાજેતરમાં નાણા મંત્રાલયે મધ્યાહન ભોજન યોજના હેઠળ બાળક દીઠ રસોઈના ખર્ચમાં કેટલા ટકા વધારાને મંજૂરી આપી છે ? – 9.6%
- તાજેતરમાં નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA)એ 28 સપ્ટેમ્બરના રોજ તેનો કેટલામો સ્થાપના દિવસ ઉજવાયો છે ? – 18મો
- ભારત આર્મેનિયાને ________ કરોડના શસ્ત્રોની નિકાસ કરશે. – રૂ. 2000
- તાજેતરમાં NGTએ ઓડિશા સરકારને કઈ નદીને પુનઃજીવિત કરવાનો નિર્દેશ આપ્યો છે ? – સુકાપાઈકા
- ISRO વનવેબના કેટલા ઉપગ્રહો લોન્ચ કરશે ? – 36
- તાજેતરમાં કેન્દ્ર સરકારે YUVA 2.0 યોજના શરૂ કરી છે. YUVAનું પૂરું નામ જણાવો. – યંગ, અપકમિંગ એન્ડ વર્સેટાઈલ ઓથર્સ
- UNCTADએ તેનો વાર્ષિક વેપાર અને વિકાસ અહેવાલ 2022 બહાર પાડ્યો છે. આ અહેવાલમાં 2022માં વિશ્વની અર્થ વ્યવસ્થામાં ________ વૃદ્ધિ થવાની અપેક્ષા છે. – 2.6%
- તાજેતરમાં રશિયાએ યુક્રેનના કેટલા પ્રદેશો પર કબજો કર્યો છે ? – 4
- તાજેતરમાં કયા ભૂતપૂર્વ જર્મન ચાન્સેલરને Nansen Award મળ્યો છે ? – એન્જેલા મર્કેલ
- તાજેતરમાં કોણે વિશ્વના પ્રથમ સિંગલ ચાર્જર નિયમને મંજૂરી આપી છે ? – યુરોપિયન સંસદ
- ભારતમાં દર વર્ષે કયા સમય દરમિયાન વન્યજીવ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે ? – 2 થી 8 ઓક્ટોબર
- તાજેતરમાં 'અખિલ ભારતીય આયુર્વેદ સંસ્થા' અને જાપાનની કઈ સંસ્થાએ શૈક્ષણિક સ્થાપના માટે સમજૂતી કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – SSIT

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. તાજેતરમાં કાઉન્સિલ ઓફ સાયન્ટિફિક એન્ડ ઈન્ડસ્ટ્રીઅલ (CSIR)એ તેનો કેટલામો સ્થાપના દિવસ ઉજવયો હતો ? – 81મો

2. કયા દેશે તાજેતરમાં પેસિફિક ટાપુ દેશો સાથે ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા છે ? – અમેરિકા

(અમેરિકાએ તાજેતરમાં એક ઐતિહાસિક સમિટનું આયોજન કર્યુ હતું અને ફિજી, માર્શલ ટાપુઓ, પાપુઆ ન્યુ ગિની, ટોંગા સહિત વધારે ટાપુ દેશો સાથે ભાગીદારી કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ ભાગીદારી આ ક્ષેત્રમાં ચીનના વધતા પ્રભાવ અંગે મહત્વની છે.)

3. તાજેતરમાં કાવેરી નદીમાં મળી આવેલ પંગાસિયસ ઈકેરિયા કઈ પ્રજાતિ સાથે સંબંધિત છે ? – કેટફિશ

4. તાજેતરમાં PFRDAએ _______ ના રોજ રાષ્ટ્રીય પેન્શન સિસ્ટમ દિવસની ઉજવણી કરી હતી. – 1 ઓક્ટોબર

5. પેમેન્ટ કાર્ડની મૂળ વિગતોને વૈકલ્પિક કોડ સાથે બદલવાની પ્રક્રિયાને શું કહેવાય છે ? – ટોકનાઈઝેશન

6. યુનિવર્સલ સર્વિસ ઓબ્લિગેશન ફંડ (USOF) કયા કેન્દ્રીય મંત્રાલય સાથે સંકળાયેલું છે ? – સંચાર મંત્રાલય

7. UGC માર્ગદર્શિકા મુજબ ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓમાં વિદેશી વિદ્યાર્થીઓ માટે બેઠકોની ટકાવારી મર્યાદા કેટલી છે? – 25

8. પ્રથમ સ્વદેશી રીતે વિકસિત લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH)નું નામ શું છે ? – પ્રચંડ

9. સ્ટોક એક્સચેન્જમાં સૂચિબધ્ધ થવા માટે પ્રાદેશિક ગ્રામીણ બેંકો (RRBS) ની ન્યૂનતમ નેટવર્થ કેટલી છે ? – 300 કરોડ રૂપિયા

10. UNCTAD વાર્ષિક વેપાર અને વિકાસ અહેવાલ મુજબ 2022-23 માટે ભારતના GDP વૃદ્ધિનું અનુમાન શું છે ? – 5.7%

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

11. ધનિકો માટે ટેક્સ ઘટાડવાના પ્રસ્તાવને તાજેતરમાં કયા દેશે રદ કર્યો છે ? – યુ.કે.

12. કયું રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ 'રાજ્ય IT મંત્રીઓની ડિજિટલ ઈન્ડિયા કોન્ફરન્સ'નું યજમાન છે ? – નવી દિલ્હી

(તાજેતરમાં નવી દિલ્હીમાં 'રાજ્ય આઈટી મંત્રીઓની ડિજિટલ ઈન્ડિયા કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યું હતું. સંચાર, ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવની અધ્યક્ષતામાં તેનું આયોજન કરવામાં આવ્યું હતું. કેન્દ્રીય મંત્રીએ જાહેરાત કરી હતી કે આગામી 500 દિવસમાં 25,000 નવા ટાવર સ્થાપવા માટે 26,000 કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.)

13. ઓપ્ટીમસ (optimus) એ કઈ કંપની દ્વારા લોન્ચ કરવામાં આવેલ પ્રોટોટાઈપ હ્યુમનનોઈડ રોબટ છે ? – ટેસ્લા

14. તાજેતરના સરકારી ડેટા અનુસાર 2020માં છોકરાઓ અને છોકરીઓ વચ્ચેના બાળ મૃત્યુ દરમાં કયા રાજ્યમાં સૌથી વધુ તફાવત છે ? – છત્તીસગઢ

15. ટેલિકોમ કંપની ઓપ્ટસ જે તાજેતરમાં સાયબર હુમલામાં આવી હતી, તે કયા દેશમાં આવેલી છે ? – ઓસ્ટ્રેલિયા

16. રૂ. 2000 સુધીના વ્યવહારો માટે UPI પર RUPAY ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરવા માટે શું શુલ્ક લેવામાં આવે છે ? – કોઈ શૂલ્ક નથી

17. 2022માં કયા ટેનિસ ખેલાડીએ તેલ અવીવ ઓપનનો ખિતાબ જીત્યો હતો ? – નોવાક જોકોવિચ

18. કઈ સંસ્થાએ 'દક્ષ' નામની નવી 'સુપટેક પહેલ' શરૂ કરી છે ? – RBI

19. તાજેતરમાં કયા રાજ્યમાં 'ઓનલાઈન જુગાર પર પ્રતિબંધ અને ઓનલાઈન ગેમ્સ ઓર્ડિનન્સનું નિયમન, 2022' અમલમાં આવ્યું છે ? – તમિલનાડુ

20. IDBI બેંકમાં હિસ્સાના પ્રસ્તાવિત વેચાણ પછી LIC અને સરકારનું સંયુક્ત શેરહોલ્ડિંગ શું હશે ? – 34%

INSTITUTE FOR COMPETITIVE EXAMS

અમારા વોટ્સઅપ ગ્રુપમાં જોડાવા માટે
નીચે આપેલી લિંક પર ક્લીક કરો.

joinicerajkot.com

CLICK HERE

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે નીચે આપેલા અમારા**

Social Media Icon **પર** Click **કરો.**

JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT